Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**The Atmanand Prakash.** REGISTRED No. B. 431.

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

श्रीपत् सम्यक्त्वरत्नं जिनमतललितं ज्ञानरत्नं गरिष्टं
शुद्धं सद्वृत्तरत्नं भविजनसुखदं सारसंवेगरत्नम् ।
सद्भावाध्यात्मरत्नं गुणगणखचितं तत्वसद्बोधरत्नं
आत्मानंदप्रकाशो दधिपरिमथनात् वाचकाः प्राप्नुवान्ति॥ १॥

पु. १४. } वीर संवत् २४४२ आश्विन. आत्म सं. २१. } अंक ३ जो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુ સ્તુતિ ... ... ... | ૫૫ | ૬ | પાટણની પ્રભુતા અકમાટે અ· મારો અભિપ્રાય ... ... | ૭૭ |
| ૨ | કર્મ મિમાંસા ... ... ... | ૫૬ | ૭ | વર્તમાન સમાચાર ... ... | ૭૮ |
| ૩ | જૈન દષ્ટિએ શરીર સ્વરૂપ ... | ૬૫ | ૮ | શ્રી મુંબઇ પાલીતાણા જૈન સમાજ તરફથી સૂચના ... | ૭૮ |
| ૪ | આત્મહિતૈષી જીવને કલ્યાણ સાધવા સંક્ષેપમાં શીખામણ ... ... | ૭૧ | | | |
| ૫ | જૈન ઐતિહાસિક સાહિત્ય. ... | ૭૨ | | | |


વાર્ષિક—મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર છે ! જલદી મંગાવો. તૈયાર છે !

# विज्ञप्ति त्रिवेणि.

## ( સંસ્કૃત ગ્રંથ )

## ( જૈન ઐતિહાસિક સાહિત્ય ગ્રંથ. )

આ અપૂર્વ ગ્રંથ **જૈન ઐતિહાસિક** સાહિત્યનો હોઇને આવી જાતનું પુસ્તક જૈનસાહિત્યમાં તો શું પરંતુ સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં પણ હજુસુધી પ્રગટ થયું નથી. ઇતિહાસિક દૃષ્ટિએ આ ગ્રંથ ખરેખર મહત્વનો છે. તેમાં આવેલ વૃતાંત જૈન સમાજની તત્કાલિનસ્થિતિપર કેવું સરસ અજવાળું પડે છે તે આ ગ્રંથનું અવલોકન કરે માલુમ પડે તેવું છે. આ ગ્રંથ સાદ્યંત વાંચવાથી એમ પ્રત્યક્ષ થાય છે કે તે-સમય ભારતવર્ષ ( હિંદુસ્તાન )ના પ્રદેશોમાં જૈનધર્મનો કેવો વિશાળ પ્રચાર તેમજ સત્કાર હતો કે જેની આજ જૈનોને બીલકુલ ખબર નથી એટલું જ નહિં પરંતુ તે પ્રદેશની જૈન જાહોજલાલી–ગૌરવતાનો પણ અત્યારે બીલકુલ ખ્યાલ નથી. જૈનઈતિહાસના અને પ્રાચીન શોધ ખોળના શોખીનોને માટે એક આ ઉમદા તક અને સાધન છે.

આ ગ્રંથના સંપાદક શ્રી માન્મુનિરાજશ્રી **જિનવિજયજી** મહારાજ છે. આઠ ફોર્મના ગ્રંથ ઉપર ૧૨ ફોર્મની પ્રસ્તાવના લખી જૈન ઇતિહાસ ઉપર સારૂં અજવાળું ઉકત મહાત્માએ પાડેલું હોવાથી આ ગ્રંથની મહત્વતા તે ઉપરથી સહજમાં સમજાય તેમ છે. તેની પ્રસ્તાવના વિસ્તૃત, ચમત્કારિક, ઐતિહાસિક વાર્તાથી ભરપુર અને વિદ્વાતા ભરેલ સુંદર હિંદિભાષામાં લખી સંસ્કૃત અને હિંદિભાષાના જાણકારોને ખાસ અવલોકવા લાયક થયેલ છે. પુસ્તક ઉંચા–મજબુત ગ્લેજ કાગળ પર સુંદર ટાઇપથી છપાવવામાં આવેલ છે. કિંમત. ( કપડાનું પુઠું ) રૂા. ૧–૦–૦ ( સાદુબાઇંડીંગ ) રૂા. ૦–૧૪–૦ ( અમારે ત્યાંથી મળશે. ) પોસ્ટેજ જૂદું.

---

## લવાદની યોજના તરફ પસંદગી.

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો અને શ્રી દિગંબર જૈનો વચ્ચે તીર્થોના સંબંધમાં જે ઝગડાઓ ચાલે છે તેની લવાદથી સમાધાની લાવવી એવી હીલચાલ હાલમાં જે મુંબઇ શહેરમાં ચાલે છે, તેમાં અમારી પસંદગી જાહેર કરીયે છીયે.

**( શ્રી જૈન આત્માનંદ સભા. )**

---

## આ માસમાં નવા દાખલ થયેલા સભાસદો.

શેઠ સુખલાલ કેવળદાસ. રે૦ અમદાવાદ. હા. તલાલા–ગીર વહીવટદાર. બી. વ. લાઇફ મેમ્બર.
શેઠ જીવતલાલ પ્રતાપસિં. રે૦ રાંધનપુર હાલ મુંબઇ. બી. વ. લાઇફ મેમ્બર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-पीडितेन तदपनयनाय हेयोपादेय-पदार्थ परिज्ञाने यत्नोविधेयः ॥

पुस्तक १४ ] वीर संवत् २४४२, आश्विन. आत्म संवत् २१. [ अंक ३ जो.

## प्रभु स्तुति.

### શાર્દૂલવિક્રીડિત.

અતિ [1]ચિંતા જ્વાળા જ્વલિત બહુ [2]કર્મેન્ધન ભર્યો,
ઉપાધિ વ્યાધિના [3]પ્રખર તણખાંથી જ પ્રસર્યો;
[4]ભવાગ્નિ વેગેથી સકળ જનને દગ્ધ કરતો,
શમાવે છે તેને [5]જિનઘન સદા શાંતિ કરતો. ૧

૧ ચિંતારૂપી જ્વાળાઓ. ૨ કર્મરૂપી ઇંધણ. ૩ તીક્ષ્ણ. ૪ સંસારરૂપી અગ્નિ. ૫ શ્રી જિનભગવાન્ રૂપી વર્ષાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મ મિમાંસા.

## ભાવના.

( ૫ )

હમે ગતાંકમાં જણાવી ગયા છીએ કે મનુષ્યના હૃદયના જે અંશમાંથી તેની કૃતિ ઉદ્દભવે છે તે અંશ ઉપરજ તે કૃતિના પરિણામનો પ્રત્યાઘાત થાય છે. મનુષ્ય કોઈ શુભાશુભ કૃતિ કોઇ સ્થૂળ લૈકિક કે વ્યવહારિક હેતુથી પ્રેરાઇને કરે તો તેનું પરિણામ તે માત્ર સ્થૂળ પ્રદેશ ઉપરજ ભોગવે છે. અર્થાત્ તે કાર્યની અસર માત્ર સ્થૂળ ઉપર આવીનેજ વીરમી જાય છે. તેના ચારિત્ર ઉપર કે બુદ્ધિ ઉપર તેની અસર થતી નથી. સ્થૂળ આશયને અનુસરી કોઈ કાર્યમાં યોજાવાથી શું શું પરિણામો આવવા સંભવે છે તેનો જે યત્કિંચિત ઉલ્લેખ હમો ગતાંકમાં કરી ગયા છીએ તે ઉપરથી વાચકના હૃદય ઉપર એટલું તો સ્પષ્ટ થવા પામ્યું હશે કે એકલી કૃતિનું પરિણામ લગભગ શૂન્યવત્ છે અને તેટલા જ માટે આપણા શાસ્ત્રકારોએ ભાવ સહ વર્તમાન કૃતિ ઉપર ભાર મુકેલો છે. ફળ એ ભાવનાને લઇનેજ નિર્માય છે. કૃતિતો એક ગૌણ આનુષંગિક સહકારી નિમિત્ત છે. જેવા ભાવપૂર્વક કૃતિ થાય છે તેવું ફળ તે આત્માને મળતુ હોવાથી શાસ્ત્રકારે " પરિણામે બંધ " હોવાનું ડિંડિમ નાદથી પ્રબોધ્યું છે. આજે તે વાતનું વિસ્મરણ થઈ માત્ર કૃતિ ઉપરજ લોકો નિર્ભર બની ગયા છે. વાસ્તવમાં કૃતિ એ કાંઇજ નથી. કૃતિ ક્ષણીક છે, ભાવ અમર છે. કૃતિની અસર સ્થૂળમાં વિરમે છે, ત્યારે કૃતિની સાથે વળગેલી ભાવના મન, બુદ્ધિ, ચારિત્ર અને હૃદય પર્યંત પોતાનો વેગ વિસ્તારે છે. આજે જમાનો સ્થૂળ ચારિત્રવાનને ખરો ચારિત્રવાન ગણે છે. કેમકે ભાવનું સૂક્ષ્મ સ્વરૂપ ચારિત્રની કસોટી કરતી વખતે તેના લક્ષ્યમાં હોતું નથી. હજી આ જમાનો સ્થૂળનીજ કીંમત આંકવા જેટલી હદે પહોંચ્યો છે. સ્થૂળની પછવાડે જે પ્રેરક બળ (motive power), અર્થાત્ કૃતિમાં પ્રેરનારી ભાવના રહેલી છે તેને ઓળખવા શીખ્યો નથી. એક અણસમજુ, જ્ઞાનહીન ડોશી, સામાયક કે કોઇ ધાર્મીક વિધિ કરે અને તે સાથે એક જ્ઞાનવાન સંયમી પુરૂષ તેજ ક્રીયા કરે તે બન્નેમાં આપણો જમાનો કાંઇજ ભેદ કલ્પવા જેટલો જ્ઞાનવૃદ્ધ બન્યો નથી. કેમકે તેમની કસોટી સ્થૂળ છે, અને ક્રિયા તરફજ તેમની દ્રષ્ટિ ચોટેલી હોય છે. તે બન્નેની કૃતિ તેમના આત્માના કયા અંશમાંથી ઉદ્દભવી તેનું તેમને લેશ પણ ભાન હોતું નથી. એ બન્ને જણને તે તે કૃતિ સરખુંજ ફળ આપવાની એમ તેઓ માનતા હોય છે. કેમકે આપાતતઃ તેમની બન્નેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃતિઓ સમાન હોય છે. પરંતુ વાસ્તવમાં તે બન્ને વચ્ચે જે તફાવત છે તે મેરૂ અને શરશવના દાણા જેવો મહાન છે. છતાં તે ભેદ ભાવગ્રાહી દ્રષ્ટિજ જોઇ શકતી હોવાથી સામાન્ય જનસમુદાયના મનથી તેમાં કશુંજ મહત્વ હોતું નથી.

આથી કર્મની ઘટનામાં ખરો નિયામક **ભાવ** છે, કૃતિ નથી. તમે જે કાંઈ શુભ કૃતિ કરો તે કેવા આશયથી પ્રેરાઇને કરો છો તે ઉપરજ તમારૂં પ્રધાન લક્ષ્ય હોવું ઘટે છે. તમે વિશ્વને જે કાંઈ આપો છો તે વિશ્વને ગરીબ અને તમારા દાનની અપેક્ષા રાખનાર માનીને આપતા હો તો, તે કૃતિ આગામી કાળે તમને પોતાનેજ ચારિત્ર પક્ષે ગરીબ રાખવા નિર્માયેલી છે. કેમકે તે કૃતિ સાથે તમારા ચારિત્રનો કોઈ અંશ ભળેલો હોતો નથી. પરંતુ આથી એમ સમજવાનું નથી કે આપણે જે જે સત્કાર્ય કરવું જોઇએ તે કોઇ વિશિષ્ઠ પ્રકારની ભાવનાના પ્રબળ અનુશીલન સહિતજ કરવું જોઇએ. આ કાળે આપણા સમાજમાં આ સંબંધી એક બહુ મોટી ગેરસમજુતી પ્રવર્તે છે અને તે ઉપર કાંઇક ધ્યાન દોરવું હમને ઉચિત જણાય છે. દરેક કામ કરતી વખતે બળપૂર્વક કોઇ ભાવના ભાવવાની કશીજ જરૂર નથી. અત્યાર સુધીના હમારા ભાવના સંબંધીના વિવેચન ઉપરથી એવું તાત્પર્ય તમે ફલીત કર્યું હોય તો તે ભુલ છે. હમે તમને કોઈ જાતની ભાવના ભાવવાની સલાહ મુદ્દલ દીધી નથી. પરંતુ તમારી કૃતિની નિયામક કેવી ભાવના ભાવવી જોઈએ તે સબંધી વિવેચન કર્યું છે. કાર્ય કરતી વખતે અમુક ભાવના ભાવવી અને એ કાર્ય કેવી ભાવનામાંથી ઉદ્દભવવું જોઇએ એ બે વચ્ચે જે તફાવત છે તે તમારે જોતા શીખવું જોઇએ. કૃતિ કરતી વખતે કોઈ ખાસ પ્રકારની ભાવના ઉપજાવવી તેને કૃતિની સાથે જોડવા મહેનત કરવી એ એક બનાવટી, કૃત્રિમ, અસાહજીક, અકુદરતી વસ્તુ છે અને તે કૃતિ અને તે ભાવનાનો કોઈ રિતે મેળ બાઝતો નથી. તેઓ એકમેક સાથે યથાર્થ રિતે સુઘટિત બની શકતા નથી. કેમકે તેવી ભાવના કૃતિના ઉપરકૃત્રિમ પ્રકારે વળગાડવામાં આવેલી હોય છે. તે ઉભય વચ્ચે, લોઢા અને લાકડાના સંયોગની માફક વૈષમ્યજ રહે છે. સહજ સ્વાભાવિક સંયોગ ઘટી શકતો નથી. એથી ઉલટું હમે એમ કહેવા માગીએ છીએ કે મનુષ્યોની કૃતિજ કોઇ વિશિષ્ઠ ભાવનામાંથી ઉદ્દભવવી જોઇએ. અર્થાત્ ભાવના પોતે કૃતિની પૂર્વગામી અને કૃતિ અનુગામી હોવી જોઇએ. ભાવના વડેજ કૃતિનો બહિર્ભાવ થવો જોઇએ. ભાવના, કારણ અને કૃતિ તેના કાર્યરૂપે પરિણમે, એમાંજ સ્વાભાવિકતા રહેલી છે. અત્યારે ઘણા લોકો જ્યારે અમુક કાર્ય કરવાનું તેમને આવી પડે છે, ત્યારે તે સાથે ભાવના એજ ફળની નિયામક છે, એમ ધારીને ભાવના ભાવવા મંડી પડે છે. પરંતુ એમ કરવામાં તેઓ પોતાની જાતને ભમાવે છે અને એક પ્રકારના બ્રાન્તિજન્ય સ્વર્ગમાં વિહરતા હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એવી ભાવના કશાજ કામની નથી. કૃતિની પછવાડે બળાત્કારથી વળગાડેલી ભાવના વ્યર્થ અને અર્થહિન છે. ભાવનામાંથી ઉદ્દભવતી કૃતિજ ફળદાયી, કલ્યાણકર અને શ્રેયસ્કર છે. લોકો ભાવનાની પ્રશંસા સાંભળી હરકોઈ કામમાં તેના આવિષ્કાર માટે પ્રયત્ન કરે છે. દાન પુણ્ય કરતી વખતે તેમના રાગ દ્વેષ અનુસાર તેઓ કાંઇને કાંઈ ભાવવા લાગી જાય છે, તે વખતે કાંતો એમ તેમના મનમાં આવતું હોય છે કે આ બિચારાને મારા આ પ્રસાદની બહુજ આવશ્યકતા છે. હું જો તેને આ વખતે પાછો કાઢીશ તો તેના કેવા બુરા હાલ થશે? મને આટલી બધી સંપત્તિ સાંપડેલી છે તો આ ગરીબ માણસને તેમાંથી એકાદ અંશ આપીશ તો આવતા ભવમાં તે અંશથી કરોડગણું અધિક મને મળવાનું છે, એ વાત ચોક્કસ છે. વળી તેમ કરવાથી મારી સારી ગતિ પરલોકમાં નિર્માશે. હું સુખી થઈશ. મારી સંપત્તિ, ઇજત, આબરૂ, વ્યાપાર–રોજગાર, આવા સારા કામના ફળ તરીકે વધશે અને હાલ છું, તે કરતાં પણ વધારે વૈભવવાળો, કિર્તીમાન, સત્તામાન વિગેરે વિગેરે બનીશ.”

આ અજ્ઞ મનુષ્યને એમ ભાન નથી કે આવી ભાવના તેને પરમાત્માથી કેટલો વેગળો રાખનારી છે. પોતે દાન કરનાર અને બીજો દાન લેનાર એવું ભાન તેના અંતઃકરણમાંથી ક્ષણ પણ ખસતું હોતું નથી. પોતે ઉપકાર કરનાર અને બીજો ઉપકાર સ્વીકારનાર એવો ખ્યાલ તેના હૃદયમાં એવો જામી જાય છે કે તે વિશ્વની સાથે કદી પણ ભળી શકતો નથી. એવી ભાવના ભાવનાર મનુષ્ય વચ્ચે અને સૃષ્ટિ વચ્ચે એ ભાવના રૂપી એક દીવાલ થાય છે, જે તેને બીજાઓથી દૂર રાખે છે. પ્રાણી માત્રની સમાનતા, ભૂત માત્રમાં ઈશ્વરનો આવિર્ભાવ હોવાનું, તેના હૃદયમાં આવી શકતું નથી. આવી ભાવનાથી સત્કૃતિ કરનાર ઉલટો પોતાથી જાતને વધારે પ્રબળ બંધનથી જકડી લે છે. એક તો “ભૂત માત્રને પોતાના આત્મવત્ સમજવા જોઇએ. તેનાથી તદ્દન ઉલટી ભાવના તે ભાવે છે એટલુંજ નહીં પણ એવી ભાવનાના બળથી તે મનુષ્ય પોતાની કૃતિનું અમુક અમુક પરિણામ હો, એવું પણ કર્મફળ પ્રદાયી સત્તા પાસેથી યાચી લે છે. આનું નામ ભાવના નથી, પરંતુ ફળની માંગણી છે. મને આમ હો ને તેમ હો, મારૂં આવું થાઓ ને તેવું થાઓ, મને સ્વર્ગ મળો અને અપવર્ગ મળો એવી લાલસાને મનુષ્યો પોતાની કૃતિ જોડે વળગાડે છે, અને પછી તેને “ભાવના” નું સુંદર ઉપનામ આપી પોતાને કૃતાર્થ માને છે. આના કરતાં તેઓ કાંઈપણ નજ ભાવે એ વધારે યોગ્ય છે. કેમકે કર્મના ફળનો દાવો રાખવો એ તો સંસાર ભ્રમણાની જ માંગણી છે. જે કાર્યની સાથે સંસાર–યાચના જોડાએલી છે, તે કાર્ય કોઈ પ્રકારે ઇચ્છવા યોગ્ય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂત માત્ર ઈશ્વરના જ વિવિધ સ્વરૂપો છે. કોઇ કાળા, કોઇ ગોરા, કોઇ ઘઉં વર્ણા, કોઈ સુંદર, કોઈ કુરૂપ, કોઈ ધનવાન, કોઈ ધનહિન, કોઈ મનુષ્ય વેશે, કોઈ પશુના વેશે, કોઈ કીટ વેશે, કોઇ જંતુ વેશે, કોઈ વનસ્પતિના આવરણમાં, કોઈ ખનિજના આવરણમાં એમ સર્વત્ર બ્રહ્માંડમાં આત્મદ્રવ્ય જ વિલસી રહ્યું છે. એકચિત્તિ દ્રવ્યજ આ વિશ્વ-લીલામાં નિમગ્ન છે. એ મહાન્ ઘટનામાં સર્વ પ્રાણી કાંઇને કાંઈ ભાગ ભજવવા નિર્માએલા છે, અને આત્મદૃષ્ટિએ ઉંચા-નિચા, કુળવાન-કુળહિન, કાળા-ગોરા કે રંક-ધનવાનનો કશોજ ભેદ નથી, એવી ઇશ્વરી ભાવનામાંથી મનુષ્યની સત્કૃતિઓ ઉદ્દભવવી જોઇએ. તેણે સમજવું જોઇએ કે તે બીજાને આપવામાં કોઇનો કાંઈ જ ઉપકાર કરતો નથી, પરંતુ આપવું એ આત્માનો સ્વાભાવિક વેગ છે. તેને અનુસરીને જ તે આપે છે. આત્માનું ઐક્ય તે દ્વારા તે પ્રાપ્ત કરતો હોય છે. અન્યને સ્હાય કરવી, તેના દુઃખમાં ભાગ લેવો, પોતાના સુખનો આસ્વાદ બીજાને કરાવવો એ તેનો સ્વભાવગત ધર્મ છે અને એ ધર્મ પ્રાણી માત્રના હૃદયમાં રોપાએલો છે. તેનો બહિર્ભાવ થવો એ આત્માની ઉત્ક્રાન્તિનું એક સૂચક લક્ષણ છે. મનુષ્ય પોતાનું સારામાં સારૂ હોય તે બીજાને આપવા દોરાય એ તેનો સ્વાભાવિક વેગ છે. જેમ ખાવું, પીવું, ઉંઘવું, પ્રજોત્પત્તિ કરવી એ પશુઓનો અને મનુષ્યોનો સ્વાભાવિક વેગ છે, તેમ ઉપર ગણાવેલી સત્કૃતિઓ એ ઉચ્ચ ભૂમિકાએ ગયેલા આત્માઓનો સ્વાભાવિક વેગ હોય છે. તેમની સર્વ કૃતિઓ ઉપર જણાવી તેવી ભાવનામાંથી વહતી હોય છે. તેઓ હાલમાં આપણી મધ્યમાં પ્રતીત થતી બનાવટી ભાવનાને પોતાની કૃતિના ઉપર વળગાડતા હોતા નથી, પરંતુ તેમના સુંદર આત્મામાંથી તે તે કૃતિ સહજપણે, સ્વભાવજન્ય ભાવનામાંથી પ્રગટેલી હોય છે.

આથી આપણે જે કાંઈ શીખવાનું છે તે એ છે કે આપણી કૃતિઓના પ્રેરકબળ motive power) ને જેમ બને તેમ કેવી રીતે ઉચ્ચ પ્રકારની બનાવવી. કૃતિની સાથે ભાવના ભાવવી એ તો બાળક-ભૂમિકાએ ઘટતુ લક્ષણ છે. કૃતિની ઉત્પાદક ભાવનાઓને સુંદર અને ઉત્કૃષ્ટ બનાવવી એમાંજ ભાવનાનું રહસ્ય છુપાએલુ છે. ઉન્નતિના ક્રમમાં આત્માને વેગથી દોરી જાય એવી ભાવનાઓને કેમ ઉપજાવવી એ વિષય હમારા વર્તમાન વિષયથી ભિન્ન હોઈ હમે આ સ્થળે તેને હાથમાં લેતા અચકાઇએ છીએ. પરંતુ બીજા કોઈ વખતે તે ઉપર ચર્ચા કરી તે સંબંધી સ્પષ્ટ રૂપરેખા વાચકના હૃદય ઉપર ઉપજાવવાનો પ્રયત્ન કરવા ચુકીશું નહી. આ વખતે તો હમે એટલુંજ વાચકના સન્મુખ ધરવા માગીએ છીએ કે ભાવના એ કૃતિની પૂર્વગામી હોવી જોઇએ. સહગામી અથવા અનુગામી નહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યારે આપણામાં ભાવના ભાવવાની જે પ્રથા ચાલે છે તે ઘણી વાર તો બહુ ઉપહાસ્ય ઉપજાવે તેવી હોય છે. આ સ્થળે તેનો ઉલ્લેખ કરવો એ હમને જરા અરૂચિકર ભાસે છે. હમારૂં કર્ત્તવ્ય હાલની ભાવનાને વખોડવામાં સમાયેલું નથી, પરંતુ છે તેને બને તેટલી સારી બનાવવામાં રહેલું છે. તેથી ચાલતી પ્રણાલીમાં જે કાંઈ ટીકાપાત્ર છે તેના ઉપર હમે કટાક્ષ કરી શકીએ તેમ નથી. પરંતુ શું કરવું વધારે ઠીક અને યોગ્ય છે તે ઉપરજ વાચકનું ધ્યાન હમે દોર્યું છે. અલબત મનુષ્યમાં જ્યાંસુધી ભાવનાના સ્વરૂપ સંબંધી કાંઇ સ્પષ્ટ વિવેક ઉદયમાન થયો હોતો નથી ત્યાંસુધી તે બળપૂર્વક, ઉદીરણા કરીને ભાવનાને ઉપજાવવા મહેનત કરે છે, પરંતુ તેમ કરવામાં મોટી હાની એ છે કે ઘણી વાર મનુષ્યો અનુબંધીવાળી કૃતિઓ કરે છે. અર્થાત્ ભાવનાના બ્હાના તળે કૃતિના પરિણામ અને ફળને તે પ્રબળ ઇચ્છાથી માગી લેછે. આથી બહુજ હાનીકારક પરિણામ આવે છે. કેમકે જે કૃતિનો હેતુ મનુષ્યને મુક્ત, ઉચ્ચાશયી અને ઉન્નત બનાવવાનો હોય છે તેજ કૃતિના પરિણામે, તેની ભાવનાના બળથી તે અમુક ચોકસ પ્રકારના પરિણામોને માગી લે છે. આથી સંસારની સાથે તે વધારે ને વધારે બંધાતો જાય છે. ભાવના સ્વરૂપ સંબંધી જ્ઞાન મેળવ્યા વિના મનુષ્ય ભાવનાને ભાવી શકતો નથી પરંતુ માત્ર પોતાની કૃતિના ફળનેજ માગી લેતો હોય છે. આ ભૂલ તરફ અંગુલિનિર્દેશ કરવા માટેજ હમે આ ક્ષુદ્ર પ્રયત્ન કર્યો છે.

*અત્યારે દરેક વાતમાં આથી ઉલટી પ્રથા ચાલી રહી છે, પ્રથમ ભાવના અને પછી તેમાંથી ઉદ્દભવવા યોગ્ય કૃતિ, તેને બદલે પ્રથમ કૃતિ અને પછી ભાવના એમ અવળી ઘટના દ્દશ્યમાન થાય છે. દેરાસરોમાં પણ પ્રથમ દ્રવ્યપૂજા અને પછી ભાવપૂજા એવો ક્રમ ઘણા કાળથી ચાલી આવે છે. વાસ્તવીક રીતે પ્રથમ ભાવનાનું બળ વધારવા એકાંતમાં ભાવનાને દૃઢ કરી પછીજ સ્થૂળપૂજા થવી ઉપયુક્ત છે. પ્રથમ પ્રભુના સ્વરૂપનો નિર્ધાર, તેમની આત્મસ્થિતિ, તેમના ગુણોની બને તેટલી સ્પષ્ટ રૂપરેખા હૃદય–પટ ઉપર અંકિત કરવાનો ઉદ્યોગ, એ બધું થયા પછીજ એમના તરફ જે ભક્તિભાવ ઉત્પન્ન થાય તેમાંથીજ પૂજાની સ્થૂળ ક્રિયા ઉદ્દભવવી જો-

* જૈન શાસ્ત્રકારોએ બાળ–અજ્ઞજીવો માટે પ્રથમ ભૂમિકારૂપ દ્રવ્યપૂજા એ કારણ અને પછી ભાવપૂજા એ તેનું કાર્ય છે અને ભાવ ઉત્પન્ન કરવા દ્રવ્યપૂજાને પ્રથમ કરવા ફરમાન કરેલું છે. ( જો કે ત્યાગી મહાત્માઓને એકલી ભાવપૂજા જ કહેલ છે ) પરંતુ લેખકનો આશય વસ્તુ સ્વરૂપને ખરેખરી રીતે જાણવી–ઓળખવી અને તેને હૃદયપટ ઉપર અંકિત કરવાનો ઉદ્યોગ પ્રથમ કરવો તેમ કહે છે અને પછી જો દ્રવ્યક્રિયા કરવામાં આવે તો તે ખરેખરી રીતે આત્મોન્નતિ માટે અર્થસાધક બને છે એમ લેખક મહાશયનું કહેવું છે. પ્રથમ ખરેખરૂં વસ્તુ સ્વરૂપનું જ્ઞાન અને પછી ક્રિયા એમ પણ શાસ્ત્રકારે કહેલ હોવાથી તે પ્રમાણે કરનાર જોઇએ તેવું વાસ્તવિક ફળ મેળવે છે. ( મેનેજર. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇએ. પ્રથમ ચોક્કસ પ્રકારની ભાવના સજ્જ કર્યા વિના જે કાંઈ થાય છે તે. માત્ર યંત્રવત્ નિત્ય વ્યવહાર રૂપ અને ટેવને લઇને બને છે. તેમાં કોઈ પ્રકારની પ્રેરક ભાવના હોતી નથી. ચોક્કસ નક્કી કરી રાખેલા શબ્દોના ઉચ્ચારણની સાથે અમુક અમુક ક્રિયાઓમાંથી તે હમેશાં પસાર થઈ જાય છે. અને તે બધું થઈ રહ્યા પછી તે ભાવના ભાવવા બેસી જાય છે. હમને સમજાતું નથી કે પછી એ ભાવનાના બળમાંથી એ શું ઉપજાવવા માગે છે. ભક્તિ તો જે થવાની હતી તે અગાઉ થઈ ગઈ છે. હમેશના પાઠનું ઉચ્ચારણ પણ અગાઉ થઈ ગયું છે. હવે તો ભાવના ભાવીને માત્ર ઘરે જ જવાનું બાકી રહેલું હોય છે.

આપણા સર્વ કાર્યો ઉત્તમ ભાવનામાંથી ઉદ્દભવે તે માટે આપણે ચિંતાશીલ રહેવું જોઈએ. વ્યકિત, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વનું કર્મ ભાવનામાંથીજ ઘડાય છે આથી તે જેમ ઉચ્ચ પ્રકારની થાય તેમ જનસમુદાયનું સુખ, કલ્યાણ અને શાંતિ વધતા જાય છે. અત્યારે વિશ્વ ઉપર જે કાંઈ દુ:ખ, અનિષ્ટ, વિગ્રહ, મહામારી આદિ પ્રવર્તી રહ્યા છે તે જનસમાજની તેવી તેવી ભાવનાઓનુંજ પરિણામ છે એમ તત્ત્વજ્ઞ પુરૂષોનો અભિપ્રાય છે. એક વ્યકિતના સુખદુ:ખનું જે કાંઈ નિયામક છે તે સમસ્ત પ્રજાઓના સુખદુખનું પણ છે. અને દૈવી મહા નિયમ પોતાનું પ્રવર્તન વ્યકિત અને વિશ્વ બે ઉભય ઉપર સમાન અપક્ષપાત અને સમદ્રષ્ટિથી કરતો હોવાથી, તે સર્વ કોઇને પોતપોતાની ભાવનાઓનું પરિણામ અનિવાર્યપણે કાળના પરિપાકે, સહવુંજ પડે છે. આ દેશમાં ઘણા કાળથી હમારા પૂર્વના મહાપુરૂષોએ પ્રબોધેલા “ આત્મવત્ સર્વ ભૂતેષુ ” અને અહિંસા પરમો ધર્મ ” ના જીવન–મંત્રોની અવગણના થઈ છે અને જ્યાં ત્યાં વ્યવહારમાં એ સૂત્રને અનુસરવાનો દાવો રાખનારા મનુષ્યો વર્તનમાં તે આજ્ઞાઓ ઉપર પાણી ફેરવે છે. તેમની ભાવનાનું જીવંતઝરણું શુષ્ક બની ગયું હોય છે. અને એ મહા નિયમના વિસ્મરણના પરિણામે આપણી મધ્યમાં સર્વ સ્થાને સ્વાર્થ, દ્વેષ, લોભ, ઇર્ષ્યા વ્યાપી રહ્યા છે. હૃદયનું ઔદાર્ય, બંધુતા, ભૂત માત્ર ઉપર નિર્મળ આત્મપ્રેમ ભાગ્યેજ કયાંઈ દૃષ્ટિએ પડે છે. “ પ્રાણી માત્રનો અંતરાત્મા એક છે ” એ અર્થવાળા બધાજ શાસ્ત્ર વાકયો હવે બહુ ઉપયોગથી જાણે ઘસાઈ ગયેલા જોવામાં આવે છે. હવે મનુષ્યના ભાવનાના ક્ષેત્ર ઉપર અંત:કરણમાં–થોર અને કાંટાના જૂથ ઉગી નીકળ્યા છે. ખરૂં છે કે પૂર્વે કોઇપણ કાળ કરતા આ કાળે હમે લોકો દેવાલયોમાં મોટા મહોત્સવ કરીએ છીએ. ઉપવાસ કરી તેમજ શરીર ઉપર કેસર, ચંદન, તિલક આદિ ધારણ કરી દેવળોમાં એકઠા મળી પ્રાર્થનાઓનો કાન ફોડી નાખે એવો મહાધ્વનિ જગાવીએ છીએ, અને અમે ધર્મી છીએ એવું સાબીત કરવા માટે પ્રભુની પાસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાંબી લાંબી સ્તુતિઓ ગાઇએ છીએ:અને વખતે આંખમાં આસુ પણ આણીએ છીએ, હમારી ભાવના ઉચ્ચ છે અને હમારૂ અંતઃકરણ ઉચ્ચકક્ષાએ વર્તે છે એવું પ્રમાણપત્ર પ્રભુની પાસેથી મેળવવા પ્રયત્ન કરીએ છીએ. પરંતુ અંતઃકરણની પાછળ ગુપ્ત રહેલો ગંધાતો ઉકરડો છાનો રહી શકતો નથી, એ અશુદ્ધિની ઢાંકી બદબો, વ્યવહારમાં અને વર્તનમાં તુર્તજ પોતાનું દર્શન પગલે પગલે કરાવે છે. વ્યાધિ, દુષ્કાળ, ધરતિકંપ, અગ્નિકોપ, કરોડો મનુષ્યોનો દાટ વાળનાર મહા વિગ્રહો, વિગેરે વિવિધ વિપત્તિઓના રૂપે મનુષ્યોની ભાવનાઓજ બહાર પ્રગટ થાય છે.

દેશનો ઉદ્ધાર ભાવનાની વિશુદ્ધિથીજ થાય છે. જનસમુદાયનું અંતઃકરણ નિર્મળ બને, તેઓ પોનાના બંધુ મનુષ્યો ઉપર સમાનવૃત્તિથી જોતા શીખે. બીજાના દુઃખ, વિપત્તિ અને સંકટને તેઓ પોતાનું ગણી તેમને બનતી સહાય કરે એવી ચિત્તની નિર્મળ દશા થયા વિના વ્યકિતનો કે સમાજ કે દેશનો કદીપણ ઉદ્ધાર નથી. આપણે બુમો મારીએ છીએ કે હમારો દેશ ઉદ્યોગ, હુન્નર, કળાકૌશલ્ય, કેળવણી વિગેરેના અભાવે બહુ પછાત છે. પરંતુ જ્યાં એ સર્વનો સદ્દભાવ છે એવા યુરોપના દેશો ભણી જરા દ્રષ્ટિપાત કરો. અને એ સર્વ હોવા છતાં એ દેશવાસીઓ આકાળે કેવી ભિષણ યાદવાસ્થળીમાં રોકાએલા છે તે જુઓ. વિજ્ઞાન, સભ્યતા, પ્રગતિ, શિક્ષણ, એ સર્વમાંથી કોઇપણ તેમને અત્યારે મૃત્યુના મુખમાંથી બચાવી શકતુ નથી. એ સર્વનું કારણ તેમના અંતઃકરણમાં જે ભાવનાઓ આજસુધી ગુપ્તપણે પોષાતી હતી તેજ છે. આજે તેઓ ભયાનક વિગ્રહરૂપે દશ્યમાન બની છે. વ્યકિત અને વિશ્વઉભયનું સાચું સુખ ઉત્તમ ભાવનાઓના પરિપાકમાંથીજ ઉદ્દભવે છે, અને તે વિના એકલું વિજ્ઞાન (science) ઉદ્યમી અને સંસ્કૃતિ જનકલ્યાણ અર્થે નિષ્ફળ અને પાંગળ છે.

આજે આપણી અવનતિના નિદાનરૂપે આપણે સાચા કારણ ઉપર આંગળી ઠરાવી શકતા નથી અને મનોકલ્પીત કારણોને અવનતિના હેતુરૂપે માની લે છે, તેની પાછળ કમર કસીને મંડીએ છીએ. ઘણા મનુષ્યોએ ઘણા કાળ સુધી આપણી અવસ્થા સુધારવા માટે પોતપોતાને ઠીક લાગતો પ્રયત્ન કરી જોયો છે. છતાં આપણી હિન અવસ્થાનો ભાગ્યેજ એકાદ અંશ સુધરેલો પ્રતીત થાય છે. એકંદરે આપણી દરિદ્રતા વધતી જાય છે, વ્યાપાર કસ વિનાનો થતો જાય છે, આપણું શરીરબળ, બુદ્ધિબળ, ચારિત્રબળ, સદ્દગુણબળ, ધર્મબળ, અને કર્મબળ, મંદ થતા જાય છે. દેશમાં પ્રગટ થતા સરકારી વાર્ષિક રિપોર્ટો વાંચો અને તમને જણાશે કે કેળવણી વધવા છતાં ગુન્હાઓનું પ્રમાણ કમી થતું નથી, વકીલો વધવા છતા કલહનું પ્રમાણ ઘટવાનું એકે લક્ષણ પ્રતીત થતું નથી, પ્રતિ વર્ષે ડોકટરોની સંખ્યામાં ભરતી થવા છતાં વ્યાધિઓનું પ્રમાણ ચક્રવૃદ્ધિ વ્યાજના ધોરણે આગળ કુચ કરતું ચાલે છે. નામાંકિત શરીર વિદ્યાના શાસ્ત્રીઓની સેનામાં વીર સૈનિકોની અસાધારણ ભરતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવા છતા રોગો આ પૃથ્વીને વળગી રહેવાની હઠ છોડતા નથી, પરંતુ ઉલટા પોતાનો જમાવ દૃઢ કરતા જાય છે અને જાણે કે એ રોગોએ વૈક્રિયલબ્ધિ પ્રાપ્ત કરી હોય તેમ ક્ષણે ક્ષણે નવા નવા રૂપમાં દર્શન દીધાજ કરે છે. એ બધાનું કારણ હમારા વૃદ્ધ પુરૂષો એમ જણાવે છે કે " ભાઈ, હવે પાંચમો આરો પોતાનો પ્રબળ પ્રભાવ પ્રતિ પળે પ્રસારતો ચાલે છે. કલિયુગના ચેન હવે પુરા બ્હારમાં ભભકવા માંડ્યા છે. " નવી કેળવણી પામેલા કહે છે કે " આ દેશમાં બહુ જાતિઓ, ધર્મો, સંપ્રદાયો, જ્ઞાતિઓ અને ભેદોએ સત્યાનાશ વાળ્યું છે. " સ્ત્રી શિક્ષાના હિમાયતીઓ સ્ત્રીઓની અબુધ અવસ્થાને દેશની અધમ સ્થિતિનું કારણ લેખે છે. સુધારકો મૂર્તિપૂજાને, ફરજીઆત વૈધવ્યને અને એવા જુદા જુદા કારણોને આવી સ્થિતિના હેતુ રૂપે ગણાવે છે. સહુકોઇ પોત પોતાની મતિ અનુસાર દેશના દુર્ભાગ્યનું નિદાન કરી તે પ્રમાણે ચિકિત્સા કરવાનું સુચવે છે. અને એ સર્વમાં સત્યનો કાંઇને કાંઇ અંશ પણ છે એ હમારે કબુલ કરવું જોઇએ. પરંતુ તત્વ દ્રષ્ટિથી જોતાં અને આંતરિક કારણો ભણી લક્ષ્ય રાખીને નિરીક્ષણ કરતા આ સઘળા હેતુઓ વ્યક્તિની કે દેશની બુરી દશાના મુખ્ય કારણો નથી. એ સઘળા જનસમુદાયના મનમાં જે ભાવનાઓ અજ્ઞાનપણે કે જ્ઞાનપણે પ્રવર્તી રહી છે તેના કાર્યરૂપે છે. વિશ્વની બધી ઘટનાઓ અને સર્વ વ્યતિકરોનું અપરોક્ષ કારણ તેમની ભાવના છે. સાક્ષાત હેતુ તેમનું પોતાનુ હૃદય છે. સર્વ શુભાશુભ ઘટનાઓની માતા મનુષ્યોની માનસીક સ્થિતિ છે અને માનસીક સ્થિતિ એ ભાવનાઓ વડે રચાતી હોવાથી સર્વનું આદિ મહાકારણ મનુષ્ય હૃદયમાં વસતી ભાવનાઓ જ છે.

અત્યારે આપણે જે સ્થિતિ ભોગવીએ છીએ તે આપણને અકસ્માત મળી ગઇ નથી. તે કાંઇ દેવકોપ નથી. અથવા કોઈ ગ્રહના સંયોગમાંથી ઉદ્ભવેલી નથી. મનુષ્યો અને ગ્રહો વચ્ચે કોઇ જાતનો અણબનાવ નથી. આપણે તેમનું કાંઇ જ બગાડ્યું નથી કે તે આપણને કોઇ જાતનું કષ્ટ આપે, અથવા આપણા અંતઃકરણમાં કલેશ ઉપજાવે. આપણું કષ્ટ અને વિપતિનું કારણ આપણે આપણી ભાવનાઓવડે પોતેજ યોજેલું હોય છે. મનુષ્યના સુખદુખો એ એક પ્રકારના વૃક્ષો છે. તેના બીજકો કોઇ પૂર્વકાળે જરૂર અંતઃકરણની ભૂમિ ઉપર વવાએલા હોય જ છે. આ વિશ્વમાં અકસ્માત જેવું કાંઇ જ નથી. એક મનુષ્ય ઉપર કે વિશ્વ ઉપર અકારણ આફત આવી પડતી નથી. અલબત આપણે કારણને તેના ખરા સ્વરૂપે જોઇ શકતા નથી તેથી દુખોને ' અકારણ ' આવી પડવાનું કલ્પીએ છીએ. પરંતુ એ સર્વ કારણો ભાવનારૂપે ત્યાં બીજકનું કામ અવશ્ય કરતા જ હોય છે. આ સ્થૂળ સૃષ્ટિ જે આપણી દૃષ્ટિએ પડે છે તેના પરભાગમાં સૂક્ષ્મ સૃષ્ટિ છે. તે ભાગમાં વ્યકિત અને વિશ્વની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ સામગ્રી ભાવનાઓ દ્વારા રચાતી હોય છે. જ્યારે એ કારણો ત્યાં પરિપાકને પામે છે, ત્યારે સ્થૂળપણે સ્થૂળ સૃષ્ટિમાં તે દેખાય છે. કારણ સૂક્ષ્મ સૃષ્ટિ મનુષ્યની દષ્ટિએ આવી શકતી નથી, પરંતુ દષ્ટિએ ન આવવાના કારણથી તે ઓછી સત્ય છે એમ નથી. ઉલટી તે સ્થૂળ સૃષ્ટિ કરતા અધિક સાચી અને વાસ્તવીક છે. જે કાંઈ ત્યાં કારણરૂપે નથી હોતુ તે કાર્યરૂપે આ સૃષ્ટિમાં કદી જ આવતું નથી તેજ પ્રકારે આ સૃષ્ટિમાં જે કાંઇ પ્રતીત થાય છે તે પૂર્વકાળે અવશ્ય સૂક્ષ્મ સૃષ્ટિમાં ભાવનાના વિશ્વમાં કારણ સ્વરૂપે હોયજ છે. આ કાળે આપણે જે જે સુખ-દુખ, વિપત્તિ આદિને વશ વર્તીએ છીએ તે એજ બતાવે છે કે એ સર્વના અવશ્ય કારણો ભાવના-વિશ્વમાં અત્યંત બળને પ્રાપ્ત થયેલા છે અને તેથીજ સ્થૂળ ભૂમિકા ઉપર તેનો પરિપાક થયો છે. ભાવના સૃષ્ટિ એજ આપણી સ્થૂલ સૃષ્ટિ અથવા દૈહિકજીવનની નિયામક છે.

આજે સર્વત્ર મનુષ્યોની ભાવના કેવી વિકૃત અને કઢંગી બની ગઈ છે તે જોઇ તત્વજ્ઞ પુરૂષોનું હૃદય બહુ દ્રવીભૂત થાય છે. આજે જ્યાંત્યાં સ્વાર્થનીજ તાણા-તાણ, અહંતા, સ્વસુખ, વિલાસપ્રિયતા, ભોગેષણા, તુચ્છતા, હલકાઈ, વિશ્વાસઘાત, આદિ અધમ પ્રકૃતિનો અરૂચિકર દશ્ય દષ્ટિપથમાં આવે છે. બીજાના સુખની, બીજાના હકની, બીજાના જીવનને નિભાવનાર આવશ્યક વસ્તુઓની કોઇને લેશ પણ ભાગ્યેજ પરવા હોય છે. જેમના હાથમાં સત્તા છે, તેઓ પોતાના હાથ હેઠેના માણસોના સબંધે એમજ ઇચ્છે છે કે તેઓ નિરંતર તેમના તાબામાં રહે, પોતાનું સુખ અને સ્વાર્થ સધાતો હોય તો તાબાના માણસોના સુખની તેમને સ્હેજ પણ દરકાર હોતી નથી. ધનાઢ્ય મનુષ્યો, જેમના શ્રમથી તેઓ તાગડધિન્ના કરે છે, તેમને પેટપુર અન્ન મળે છે કે નહી તેની ચિંતા ન કરતા, પોતાનીજ હોજરીની સેવામાં એક તાનથી લાગેલા હોય છે. દુનિયાના દુઃખને જોતા તેમને કંટાળો છુટતો હોવાથી એવા સ્થાનમાં મોઢા આડુ લુગડું દઈ તેઓ ત્વરીત ગતિએ ચાલ્યા જાય છે. પોતે સાત માળની રમ્ય હવેલીમાં, સુવર્ણથી રસેલા છત્રપલંગમાં, વાતાયનમાંથી સમુદ્રની મનહર લીલાને જોતા પોઢે છે. અને એવુંજ સુખ પોતાને સદાકાળ હો એવી ભાવના ભાવતા નિદ્રાવશ બને છે. વિશ્વનું ગમે તેમ થાઓ, તેમની ગમે તેવી સ્થિતિ હો, હજારો રંક, રોગી, દીન, મનુષ્યો પોતાની ગરીબાઇની ખીણોમાં ગમે તેમ તરફડતા હો, શીયાળાની કડકડતી થંડીમાં ટાઢથી પરસ્પરને વળગી પોતાની ઓડામાં ગમે તેમ પડયા હો, તેમની તેમને મુદ્દલ પરવા નથી. તેમના પ્રત્યે પોતાની કાંઇજ ફરજ હોવાનું તે કલ્પતા નથી. " હું મારૂં પુણ્ય ભોગવું, તે તેમનું નસીબ ભોગવે " એવી આંધળી તત્વનીતિ તેમણે તેમના અંતઃકરણમાં ધારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખી હોય છે. જેમ બને તેમ પોતાનું ઘર સાચવવું અને પારકાની પરવાથી નકામુ મગજને અશાંત ન કરવું, એ આ યુગનું પ્રધાન લક્ષણ થઇ ગયું છે. જ્યાં સર્વ સ્થાને આજ ભાવનામાંથી મનુષ્ય સમુદાયની પ્રવૃત્તિ ઉદ્દભવે, ત્યાં કલ્યાણની સુખની શાંતિની અને મંગળની આશા શી રીતે રખાય ?

હમને આ કાળી બાજુ ઉપર વિવેચન કરતા બહુ કંટાળો આવે છે. સહુને વિવાહના ગીત ગાવા બહુ પ્રિય લાગે તેમ હમને પણ મનુષ્ય સ્વભાવની ઉજળી બાજુનું દર્શન કરાવવામાં બહુ આનંદ આવે એ સ્વાભાવીક છે. આ મૃત્યુના છાજીઆ લેવા હમને બહુ દુખદાયક ભાસે છે. છતાં પણ તે દીશા તરફ વાચકનું ધ્યાન દોરવા અને તેવા અનિષ્ટ લક્ષણોનો બને તેટલો ત્યાગ કરવા હમારે આ આળા ભાગ ઉપર આઘાત કરવો પડે છે. આપણે ખેદ સહિત ચોતરફ જોઇએ છીએ કે જ્યાંસુધી પોતાના સ્વાર્થ સાથે ન્યાયનો વિરોધ ન થતો હોય ત્યાંસુધીજ ન્યાયનું પાલન થાય છે. નીતિ, ધર્મ, પરોપકાર, એની ડાહી ડાહી વાતો પોળુ મોઢુ રાખીને કરવી, પરંતુ પોતાના સ્વાર્થ હાની થવાનો લગીર પ્રસંગ આવ્યે એ ન્યાય, નીતિ અને ધર્મને ક્ષણવાર ખિસ્સામાં મુકી દેવો એને આપણે ચાતુરી અને વ્યાવહારીક ડાહાપણ માનતા શીખ્યા છીએ. સારી સારી ભાવનાઓ માત્ર ભાવનાના પ્રદેશમાં ઠીક છે, વ્યવહારમાં તે બહુ ઉપયોગી અને કાર્યકર નથી, એવું આપણે સંસારની પાઠશાળામાં શીખીને પાકા બન્યા છીએ. અંતઃકરણની કોમળતા, વિશાળતા, આત્મદ્રવ્યની એકતા, એ બધું દેવાલય કે ઉપાશ્રયની ચાર દીવાલોમાં શોભે; દુકાને, ઓફીસમાં, કે જનસંમર્દમાં એ બધુ વ્યર્થ છે, એવો પાઠ શીખીને આપણે એવા રીઢા બન્યા છીએ કે હવે ઉત્તમ ભાવનાઓ રૂપી જળ આપણા અંતઃકરણરૂપી પાત્રમાં સંચરી શકે તેમ ભાગ્યેજ રહ્યું છે. અહો ! જ્યાં આવી ભાવનાઓમાંથી આપણી બધી કૃતિઓ ઉદ્દભવે, ત્યાં આપણે બીજી શી આશા રાખી શકીએ ? ઉચ્ચ ભાવનાઓ જે હૃદયમાંથી નષ્ટ થઇ ગઈ છે, તે અંતઃકરણની સૃષ્ટિમાં જે કારણો રચાય તેના ફળો આપણને અને વિશ્વને સુખ ઉપજાવનારા ક્યાંથી હોય !

(અપૂર્ણ).

# જૈન દ્રષ્ટિએ શરીર સ્વરૂપ.

( અનુસંધાન ગતાંક પૃષ્ટ ૪૩ થી )

શરીરની મજબુતાઇનો આધાર ઘણા ભાગે હાડકાંની મજબુતાઇ ઉપર છે. બળવાન પ્રાણીના હાડકાં ઘણાં મજબુત હોવા જોઇએ. શરીરના ઉપર આફત આવે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને અકસ્માત થાય, તેવે પ્રસંગે ઘણા ભાગે હાડકાં ઉપર પ્રાણઘાતક અસર થએલી ન હોય તો તે પ્રાણી ઉપચારથી સારો થવાનો સંભવ છે. શરીરના અવયવોના હાડકાં ઉપર જો અસર થએલી ન હોય તો શકિતની દવાથી, જઠરાગ્નિ પ્રદિપ્ત થાય અને તેથી પ્રમાણોપેત ખોરાક લઇ તે હજમ કરવાની શક્તિ પુનઃ પેદા થાય, તેથી લોહીમાં સુધારો અને વધારો થઇ ગએલી તંદુરસ્તિ પાછી મેળવી શકાય છે. પણ કોઇ હાડકા ઉપર અસર થએલી હોય, તે ભાંગ્યુ હોય કે ખસી ગએલું હોય, અથવા સડી ગએલું હોય, તો તેથી શરીર ઉપર માઠી અસર થાય છે. ખસી ગએલું હાડકું પાછું બેસી શકે છે. ભાગી ગએલું હાડકું પાછું સંધાઇ જાય છે. તે સંધાવામાં જો કંઇ કસર રહે છે તો ખોડ પણ આવે છે. સડી ગએલાં હાડકાં ઘણા ભાગે સારાં થતાં બહુવાર લાગે છે. કેટલેક પ્રસંગે તો તે સડી ગએલા હાડકાં ઉપર શસ્ત્ર પ્રયોગ કરી સડી ગએલો ભાગ કાઢી નાખવામાં આવે છે, તો જ તે પ્રાણીનો પ્રાયે બચાવ થાય છે.

શરીરના અંદર હાડ (અસ્થિ) ની રચના જે છે, તેને સંઘયણ કહેવામાં આવે છે. અર્થાત્ શરીરના પુદ્ગળનું દ્રઢપણું તે સંઘયણ. જીવે પોતાની આહારશક્તિ વડે આહાર લીધા પછી તેને જે જુદા જુદા કાર્ય કરવા પડે છે, તેમાં હાડની રચનાનો પણ સમાવેશ થાય છે. તે રચના સંઘયણ નામકર્મના ઉદયથીજ તે કરી શકે છે. એકેંદ્રિય જીવોના શરીરમાં હાડકાં હોતાં નથી. તેથી તેઓ સંઘયણ વગરના છે. પાંચ જાતના શરીરમાં હાડકાંની રચનાની જરૂર ઔદારિક શરીરને વિષેજ હોય છે. તેમાં પણ એકેંદ્રિયવાળાને નથી એમ ઉપર આપણે જોઇ ગયા. વૈક્રિય અને આહારક શરીરને પણ એ હોતું નથી. તૈજસ અને કાર્મણનો સંબંધ જીવના પ્રદેશો સાથે છે. એટલે તેમને સંઘયણની જરૂર નથી. એ ઉપરથી એ નિશ્ચય થાય છે કે એકેંદ્રિય સિવાયના બે, ત્રણ, ચાર ઇંદ્રિવાળા જીવો તથા ગર્ભજતિર્યંચ અને મનુષ્યનેજ સંઘયણ હોય છે.

આ સંઘયણ છ પ્રકારના હોય છે. વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કિલિકા અને છેવઠુ. આ છ પ્રકારના સંઘયણની શક્તિમાં તાર્તમ્યતા છે. ઉત્તમોતમ શકિત વજ્રઋષભનારાચ સંઘયણવાળો ધરાવે છે. એ સંઘયણવાળાની શકિત એટલી બધી હોય છે કે તેના ઉપર ગમે તેવી આફત અને ઉપસર્ગ આવી પડે તો પણ તેમના શરીરનું સંપુર્ણ આયુષ ભોગવ્યા સિવાય એ શરીરનો નાશ થતો નથી. એ શરીરવાળાનું માનસિક બળ પણ અસાધારણ હોય છે. ચરમ શરીરવાળા જીવો જે તદ્ભવ મોક્ષગામી છે, તેઓને એ સંઘયણ નીયમા હોય છે. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘયણ સિવાય બાકીના સંઘયણવાળા જીવો મોક્ષના અધિકારી થઇ શકતા નથી. અસાધારણ વીર્યોલ્લાસ અને પરિણામની અત્યંત વિશુદ્ધિ નિર્બળ શરીર વાળામાં હોઇ શકે જ નહિ. એ છ સંઘયણવાળાના શરિરના હાડકાંની રચનામાં પેહલા વજ્ર ઋષભનારાચ સંઘયણવાળાના શરીરના હાડની સંધિ, મર્કટબંધ, તે ઉપર હાડનો પાટો હોય, અને તે ત્રણેને ભેદે ( વિંધે ) એવો વજ્રખીલો, એ ત્રણે યુક્ત હોય છે. તેથી તેવા શરીરવાળાને વજ્ર ઋષભનારાચ સંઘયણવાળા કહેવામાં આવે છે. બીજા ઋષભનારાચ સંઘયણવાળાના હાડની રચનામાં ફક્ત વજ્ર—ખીલો હોતો નથી તેથી તેવા સંઘયણવાળાના શરીરને ઋષભનારાચ સંઘયણવાળા કહેવામાં આવે છે. ત્રીજા નારાચ સંઘયણવાળાના હાડની રચનામાં ખીલો અને પાટો બન્ને ન હોય પણ મર્કટ બંધ જ હોય તેથી તેવા શરીરવાળા તે નારાચ સંઘયણવાળા કહેવામાં આવે છે. ચોથા અર્ધનારાચ સંઘયણવાળાના હાડની રચનામાં ફક્ત એક પાસે મર્કટ બંધ હોય પણ બીજે છેડે ન હોય, તેથી તેવા શરીરવાળાને અર્ધનારાચ સંઘયણવાળા કહેવામાં આવે છે. પાંચમા કિલિકા સંઘયણવાળાના હાડની રચનામાં હાડની સંધીને વચ્ચે ખીલી જ હોય પણ મર્કટ બંધન હોય તેવા શરીરવાળાને કિલિકા સંઘયણવાળા કહેવામાં આવે છે અને છેલ્લા છેવઠા સંઘયણવાળાના હાડની રચનામાં બે પાસે હાડે હાડ અડી રહ્યાં હોય, તેવા શરીરવાળાને છેવઠા સંઘયણવાળા કેહવામાં આવે છે. આ છ સંઘયણના અધિકારી ગર્ભજ મનુષ્ય અને તિર્યંચ હોય છે. વિકલેંદ્રિ જીવો ફક્ત છેવઠા સંઘયણના અધિકારી છે.

આ કાળમાં પ્રથમના ચાર સંઘયણવાળા જીવો આ ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થતા નથી. તેનો કાળની અપેક્ષાએ એ અભાવ છે. આપણા શરીર ઘણા ભાગે આ કાળમાં છેવઠા સંઘયણવાળા હોય છે.

શાસ્ત્રમાં ૧ મનબળ, ૨ વચનબળ, અને ૩ કાયબળ, બતાવેલાં છે. આ ત્રણે પ્રકારના બળનો આધાર શરીરના સંઘયણની મજબુતી ઉપર હોય છે. જેમ જેમ સંઘયણ વધારે મજબુત તેમ તેમ તે ત્રણે પ્રકારના બળ વધુ પ્રમાણમાં હોવાનો સંભવ છે. ઉપર જેમ જેમ સંઘયણની નિર્બળતા તેમ તેમ એ બળ પ્રાયે ઓછા પ્રમાણમાં હોવાનો સંભવ છે. મહાન ઉત્તમ કાર્યો કરવાને, આત્મિક ઉન્નતિ કરવાને, આ ત્રણે બળની જરૂર છે. નિર્બળ પ્રાણીઓ પોતાનું કે પરનું કંઈપણ કાર્ય કરવા સમર્થ નીવડતા નથી. ઇતિહાસનો અભ્યાસ કરવાથી આપણી ખાત્રી થાય છે, કે જગતની અંદર જે જે મહાન વ્યક્તિઓ થઇ ગઇ છે, જેઓએ પોતાની, પરની કે રાષ્ટ્રની ઉન્નતિના કાર્ય આ ત્રણ કે ત્રણમાંના કોઇના કાર્યના અસાધારણ બળના પ્રતાપથી જ કરી શકયા છે. શુરવીર પ્રાણીઓજ મહાન કાર્ય કરવા સમર્થ નીવડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુરવીરતાનો આધાર બળ ઊપર છે, અને બળના આધારભુત સંઘયણ છે. જેઓ કર્મ કરવાને શુરવીર છે, તેઓજ ધર્મના કાર્ય કરવાને શુરવીર નીકળશે. આ ઉપરથી સંઘયણ નામ કર્મનું મહત્વ કેટલું છે તે આપણને સમજાય છે.

જગતની અંદર બનતી વસ્તુઓ પ્રમાણોપેત એટલે પ્રમાણુસર હોય તો તે સુંદર દેખાય છે. વસ્તુ અથવા તેના કંઈપણ ભાગ કે પ્રદેશ સમ વિષમ હોય તો તેની સુંદરતામાં ખામી દેખાય છે. તેમ શરીરરચનામાં પણ છે. શરીરના તમામ અવયવો પ્રમાણુસર હોય, તેમજ તમામ શરીર પણ પ્રમાણુસર હોય તોજ તે સુંદર લાગે છે. સંસ્થાન નામકર્મ નામનું કર્મ છે. તેના છ ભેદ છે. તેના વર્ણનથી પ્રાણીઓના શરીરના સંસ્થાન કેવા પ્રકારના હોય છે, તે આપણને સમજાય છે.

એક મનુષ્ય પર્યંકાસને બેસે, પછી એક દોરીથી તેના બે ઢીંચણના અંતરનું માપ લે, તેમજ જમણા ખભાથી ડાબા ઢીંચણના અંતરનું અને ડાબા ખભા અને જમણા ઢીંચણનું માપ લે, પલાંઠીના મધ્ય પ્રદેશથી નિલાડના અંતરનું માપ લે, એ ચારે માપનું પ્રમાણ સરખું હોય અને સર્વાંગે સુંદર હોય તેને "સમચતુરસ્ર સંસ્થાન" એવું નામ આપેલું છે. ૧. નાભિ ઉપરનો પ્રદેશ–અવયવ સંપુર્ણ સુંદર હોય, અને હેઠળનો પ્રદેશ હીનાધિક હોય તેને "ન્યગ્રોધપરિમંડળ સંસ્થાન" એવું નામ આપેલું છે. ૨. નાભિથી નીચે સંપુર્ણ અવયવ હોય અને ઉપર હીનાધિક હોય તેને "સાદી સંસ્થાન" નામથી ઓળખવામાં આવે છે. ૩. હાથ, પગ, મસ્તક અને ગ્રીવા (ડોક) સુલક્ષણ હોય અને હૃદય પેટહીન હોય તેને "કુબ્જ સંસ્થાન" કહેવામાં આવે છે ૪. હૃદય તથા પેટ સુલક્ષણ હોય અને હાથ, પગ, શીર અને ડોક કુલક્ષણ હોય તે "વામન સંસ્થાન" નામથી ઓળખાય છે ૫. સર્વ અંગોપાંગે કુલક્ષણ હીનાધિક હોય તે "હુંડ સંસ્થાન" કહેવાય છે ૬. એ પ્રમાણે છ સંસ્થાન છે. આ ભેદોના વર્ણન ઉપરથી જગતમાં કેવા કેવા પ્રકારના સંસ્થાનવાળા શરીરો હોય છે, તેનું સ્વરૂપ આપણને સમજાય છે. સંસ્થાન નામકર્મ નામના કર્મનું કાર્ય શું છે તેની આપણને સમજણ પડે છે. દેવતાઓ સર્વ સમચતુરસ્ર સંસ્થાનવાળા હોય છે. ગર્ભજ મનુષ્ય અને તિર્યંચને છએ સંસ્થાન હોય છે. એટલે તિર્યંચો અને મનુષ્યો એ છ સંસ્થાનમાંથી કોઇ એક સંસ્થાનવાળા હોય. બાકીના સર્વ જીવોને હુંડક સંસ્થાન હોય છે. આ સ્વરૂપ જો બરાબર ધ્યાનમાં હોય તો આપણા સમાગમમાં આવનારાં પ્રાણીઓ કયા સંસ્થાનવાળા છે, તેનું આપણને તરત જ ઓળખાણ પડે છે.

શરીરમાં પંચઇંદ્રિ હોય તે પંચેંદ્રિ પ્રાણી કહેવાય, એમ આપણે ઉપર જોઇ ગયા. એ પાંચ ઇંદ્રિઓ પૈકી દરેક ઇંદ્રિને જુદું જુદું કાર્ય બજાવવાનું હોય છે. તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું સ્વરૂપ પણ જુદા જુદા પ્રકારનું હોય છે. એ ઇંદ્રિના બે ભેદ છે. એક દ્રવ્યઇંદ્રિ અને બીજી ભાવઇંદ્રિ. દ્રવ્યઇંદ્રિ એ બાહ્ય આકૃતિ છે. ભાવઇંદ્રિ એ ઇંદ્રિનું કાર્ય કરનાર–બજાવનાર–શક્તિ છે. પાંચે ઇંદ્રિમાંની કોઇપણ ઇંદ્રિની બાહ્ય આકૃતિ સંપુર્ણ હોય, પણ એ ઇંદ્રિનો ધર્મ બજાવનાર, એ ઇંદ્રિનું કાર્ય કરનાર કે સમજનાર શક્તિનો નાશ થયો હોય તો, એ બાહ્ય આકૃતિ ઇંદ્રિના ઇંદ્રિપણાના ઉપયોગ માટે નિરર્થક છે. એ ફક્ત શોભાની ઇંદ્રિ છે. એથી તે તે ઇંદ્રિ દ્વારા પદાર્થનું જે જ્ઞાન થવું જોઈએ તે થઈ શકતું નથી. જેમ સ્પર્શ ઇંદ્રિનો વિષય કોઈ પદાર્થ ભારે છે કે હલકો છે, કોમળ છે કે બરસટ છે, શીત છે કે ઉષ્ણ છે, સ્નિગ્ધ–ચીકણો છે કે રૂક્ષ–લુખો છે, એ જાણવાનું છે. એનું જ્ઞાન એ ઇંદ્રિથી જ થઈ શકે, એ કાર્ય બાકીની ચાર ઇંદ્રિ બજાવે નહીં. પદાર્થને સ્પર્શ કર્યા શીવાય તેનું જ્ઞાન થઇ શકે નહીં. એક પદાર્થ ભારે છે કે હલકો છે તે હાથમાં લીધા શીવાય સમજાય નહિ. હાથ અને હથેલીનો પ્રદેશ કાયમ છે, પણ હાથ ઊતરી જવાથી કે લકવા વીગેરેનું દર્દ થવાથી હાથની શક્તિ નાશ પામેલ હોય તો હાથ કાયમ છતાં પદાર્થ હલકો કે ભારે છે, તે હાથ નકી કરી શકે નહીં. એજ રીતે બાકીના સ્પર્શ પદાર્થ સબંધે સમજવાનું છે. પાંચ પ્રકારના રસ–૧ કડવો, ૨ તીખો, ૩ કષાયેલો, ૪ ખાટો, અને ૫ મધુર–નું જ્ઞાન રસના ઇંદ્રિ–જીભથી થઇ શકે છે.

કેટલેક પ્રસંગે પ્રાણીઓને એ ઇંદ્રિ કાયમ હોય છતાં વસ્તુના રસનું યથાર્થ અથવા બીલકુલ જ્ઞાન, કંઈ વ્યાધિના કે તે ઇંદ્રિની શક્તિ નાશ પામવાથી થઇ શકતું નથી. એક માણસને ઝેર ચઢયું હોય, તે વખતે તેને કડવો પદાર્થ ખવરાવવામાં આવે છે, તો તે તેને કડવો લાગતો નથી. જવર ચઢેલા માણસને સાદુ પાણી પણ ગળ્યું લાગે છે, ઘ્રાણેંદ્રિ–નાકનો વિષય પદાર્થમાં રહેલા સુગંધ કે દુર્ગંધની પરિક્ષા કરવાનો છે. કેટલાક મનુષ્ય એવા જોવામાં આવે છે કે સંપુર્ણ એ ઇંદ્રિની બાહ્યઆકૃતિ કાયમ છતાં, કસ્તુરી, ચંપા, ગુલાબ, કેતકી, મોગરાદિ ઊત્તમ ફુલોને ઇંદ્રિના નજીક લેઇ સુંઘે છતાં તેને બીલકુલ સુગંધનું જ્ઞાન થાય નહીં. તે પ્રમાણે દુર્ગંધ પદાર્થનું પણ તેને જ્ઞાન થતું નથી. કારણ તેની ભાવઇંદ્રિનો નાશ થએલો હોય છે, અથવા નાકમાં છોડ બાજવાથી કે નાસુરનું દર્દ થવાથી તે ઇંદ્રિની શક્તિના ઉપર આવરણ આવી ગએલું હોય છે. તેથી તે ઇંદ્રિનું જે મુખ્ય કાર્ય કરવાનું તે કાર્યને બાહ્યઆકૃતિ, બજાવી શક્તિ નથી.

ચક્ષુ ઇંદ્રિ–આંખ–નો વિષય પાંચ પ્રકારના વર્ણ–૧ કૃષ્ણ, ૨ નીલો, ૩ રાતો, ૪ પીલો, અને ૫ શ્વેત અને એમના મિશ્રણથી બનતા બીજા રંગનું સ્વરૂપ જાણવાનું છે. આંખની સંપૂર્ણ આકૃતિ કાયમ હોય છતાં જોવાનું કાર્ય કરનાર અંદરની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કીકીનો નાશ થયો હોય અથવા આંખે મોતીયો ઊતર્યો હોય તો તે પોતાનો ધર્મ બજાવી શક્તિ નથી. ટુંકી દ્રષ્ટિવાળા વેગળે રહેલી ચીજ જોઇ શક્તા નથી. રતાંધળાના દર્દવાળા દર્દિ દિવસે જોઇ શકે પણ રાત્રીના વખતમાં સંપુર્ણ ચંદ્રનો પ્રકાશ કે બતીનું અજવાળું હોય છતાં જોઈ શક્તા નથી. કારણ એ ઇંદ્રિનું કાર્ય કરનાર જે શક્તિ તેનો નાશ થએલો હોય છે અથવા તેમાં ફેરફાર થએલો હોય છે. કાનનો વિષય સચીત, અચીત કે મિશ્ર શબ્દ સાંભળવાનો છે. કાનની બાહ્યઆકૃતિ કાયમ હોય છતાં જન્મથી બેહરો અથવા કંઇ વ્યાધિથી બેહર મારી જવાથી સાંભળવાની શક્તિ નાશ પામી હોય તેથી કંઇ સાંભળી શકતો નથી.

પાંચે ઇંદ્રિની બાહ્ય આકૃતિ કરતાં તેનું ખરૂં કાર્ય કરનાર કોઈ બીજી શક્તિ છે, અને તે શક્તિને ભાવેંદ્રિથી ઓળખાવવામાં આવે છે. અને તેના સ્વરૂપનું કંઇ અંશે ઓળખાણ ઉપરના વર્ણન પછી આપણને થાય છે.

આત્મા ( જીવ ) અરૂપી છે. તેને ચર્મચક્ષુવાળા જોઈ શકતા નથી. પાંચ ઇંદ્રિ, ત્રણ બળ, શ્વાસોશ્વાસ અને આયુ એ દશ પ્રાણથી જીવની પ્રતિતી થાય છે. જ્યારે જીવ આ ઔદારિક શરીરનો ત્યાગ કરી બીજે સ્થળે જન્મ ધારણ કરવા જાય છે, ત્યારે આ ઔદારિક શરીર એકલું અહીં રહે છે. કોઇ નીરોગી પ્રાણી હૃદય બંધ થઈ જવાથી એકાએક મૃત્યુ પામે છે તે વખતે તેની પાંચઇંદ્રિ સંપૂર્ણ અંશે સાબીત હોય છે, છતાં તે તે ઇંદ્રિયો પોતાનું કાર્ય કરી શકતી નથી. એ ઉપરથી આપણી ખાત્રી થાય છે કે શરીરની અંદર ચૈતન્ય ભાવવાળો રહેનારો કોઇ હોવો જોઇએ અને તે રહેનારો એજ દશ પ્રાણનો અધિષ્ટાતા છે.

આ દશ પ્રાણમાં એક ઇંદ્રિવાળા જીવોને ચાર પ્રાણ–સ્પર્શઇંદ્રિ, કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુ હોય છે. બે ઇંદ્રિયવાળા જીવોમાં એ ચાર ઉપરાંત રસઇંદ્રિ અને વચનબળ એ બેનો વધારો થઈ છ પ્રાણ હોય છે. તે રેંદ્રિવાળા જીવમાં ઘ્રાણઇંદ્રિનો વધારો થઇ સાત પ્રાણ હોય છે. ચૌરેંદ્રિવાળા જીવોમાં ચક્ષુઇંદ્રિનો વધારો થઇ આઠ પ્રાણ થાય છે. અસન્નીપંચેદ્રિને શ્રોતઇંદ્રિનો વધારો થઈ નવ પ્રાણ હોય છે. મન–સંજ્ઞી પંચેંદ્રિને હોય તેથી તેને દશ પ્રાણ હોય છે. આપણે ગર્ભજ મનુષ્યની પંક્તિમાં આવીએ, ને આપણામાં દશ પ્રાણ હોય છે. તેવીજ રીતે ગર્ભજ, તિર્યંચ, પંચેંદ્રિય પણ દશ પ્રાણવાળા હોય છે.

પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નપુશકવેદની અપેક્ષાએ જીવ માત્રના શરીરોના ત્રણ ભેદ થાય છે. પુરૂષ–નર–ના, સ્ત્રી–માદા–ના, નપુશક–વ્યંડળ–ના એ પ્રમાણે ત્રણ પ્રકારના શરીરો જગતમાં જોવામાં આવે છે. ગર્ભજ, મનુષ્ય અને તિર્યંચના શરીરની ઉત્પત્તિના હેતુભુત નર અને માદાનો સંયોગ છે. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મહિતૈષી જીવને આત્મકલ્યાણ સાધવા સંક્ષેપમાં શીખામણ.

( લેખક—સદ્ગુણાનુરાગી મુનિ કર્પૂરવિજયજી—પાલીતાણા. )

૧ હે મુગ્ધ જીવ! રાઈ અને સર્ષવ જેવડાં પરાયાં છિદ્રને તું જોવે છે અને બિલાં જેવડાં મોટાં પોતાનાં છિદ્ર ( દોષ ) ને દેખતો છતો પણ દેખતો નથી. અર્થાત્ પોતાનામાં રહેલા અનેક અવગુણને નહિ સુધારતાં પારકાં જ છિદ્ર તાકતો ફરે છે. એ તારી મૂર્ખાઇને તું કેમ જોતો–જાણતો કે લક્ષમાં લેતો નથી? મૂઢ! ચેત! ચેત! તું મોટો લેખાઇને કેમ ખોટો ઠરે છે અને શાહૂકાર કહેવાતા છતાં દેવાળું કેમ કાઢે છે.?

૨ હે ભવ્યાત્મન્! મનુષ્યપણું, આર્યક્ષેત્ર, ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, પાંચે ઇન્દ્રિય પરવડી, નિરોગી શરીર, દીર્ઘ આયુષ્ય, પરલોક ( હિત ) પરાપણ બુદ્ધિ, ધર્મશાસ્ત્ર શ્રવણ, તદ્ અવધારણ, તત્ત્વાર્થ શ્રદ્ધા, અને તપ–સંયમમાં પ્રયત્ન ( પુરૂષાર્થ ) આટલા વાનાં આ મનુષ્યલોકમાં પ્રાપ્ત થવાં દુર્લભ છે.

૩ ચુલ્લગ–પરિપાટી ભોજન (૧), પાસગ–પાસા (૨), ધાન્ય (૩), યૂપ–સ્થંભ (૪), રત્ન (૫), સ્વપ્ન (૬), ચક્ર–રાધાવેધ (૭), ચર્મ–કચ્છપ ગ્રીવા (૮), યુગ–ધૂસરૂં (૯), અને પરમાણુ (૧૦). એ શાસ્ત્રોક્ત દશ દ્રષ્ટાન્તે મનુષ્યભવ પામવો દુર્લભ છે, કદાચ દેવ પ્રભાવથી ઉક્ત દશ વાત બને પણ મનુષ્યભવની પ્રાપ્તિ થવી દુર્લભ છે.

૪ તેમ છતાં આશ્ચર્યની વાત એ છે કે, આલસ્ય, અણુઉદ્યમ, મોહ, અવજ્ઞા, અહંકાર, ક્રોધ–અપ્રિતિ, પ્રમાદ–નિદ્રાદિ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વ્યાક્ષેપ, કુતૂહલ–ઇન્દ્રજાલ પ્રમુખ અવલોકન, અને ખેલ–તમાસા–રમ્મત ગમ્મતના કારણે અતિ દુર્લભ મનુષ્યભવ પામીને પણ જીવ સંસારનો પાર પમાડનારી એવી હિતકારી શાસ્ત્રવાણીને સાંભળતો નથી–સાંભળવા ખપ કરતો નથી.

૫ મદ્ય, વિષય, કષાય, નિદ્રા, અને વિકથા એ પાંચ દુષ્ટ પ્રમાદને વશ પડેલા પ્રાણીઓ સંસારમાં રઝળે છે, જન્મ મરણના ફેરામાંથી મુક્ત થઇ શકતાં નથી. ઉક્ત પાંચે પ્રમાદનું સ્વરૂપ સારી રીતે સમજી સુજ્ઞજનો એ તેનો અવશ્ય ત્યાગ કરવા ઉચિત છે તેથી તેનું સંક્ષેપથી સ્વરૂપ અત્ર દર્શાવવામાં આવે છે, જે ઉપયોગી થઇ શકશે.

(૧) જેનાથી પરવશ થઈ જઇ ( બેભાન બની ) કાર્યાકાર્ય, વચ્યાવાચ્ય, તેમજ ગમ્યાગમ્યનો કશો વિવેક રહી શકતો નથી, તેવું **મદ્યપાન** (Intoxication)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદાપિ કરવું નહિં જોઇએ. મદ્યપાનના પરિણામે દ્વારિકા નગરી અને યાદવોનો નાશ થયો હતો ત સુપ્રસિદ્ધ છે.

(૨) ભોગવતી વખતે મીઠા લાગતા પણ પરિણામે ઝેર જેવા **વિષયો** વિવેક રહિત જનોને જ પ્રિય લાગે છે. વિવેકી જનો તો તેનાથી દૂર રહેવા જ પ્રયત્ન કરે છે.

(૩) જેના વડે કલુષિત થયેલા આત્મામાં કર્મ ચોંટે અને લાંબો વખત ટકે એવા ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયોને ક્ષમા, મૃદુતા, સરલતા અને સંતોષ વડે સુજ્ઞ જનોએ ખાળવા ( ટાળવા ) જરૂર પ્રયત્ન કરવો જોઇએ. સંસારને વધારનાર કષાયજ છે.

(૪) જેને વશ થવાથી જીવ આ લોકમાં તેમજ પરલોકમાં માઠી અવસ્થા પામે છે, કેમકે નિદ્રાવશ થયેલ પ્રાણી અગ્નિ પ્રમુખ ઉપદ્રવથી વિનાશ પામી જાય છે. વળી તે ધર્મકાર્યોમાં ચિત્તને જોડી શકતો નથી. તેથી જ ધર્મીપુરૂષો જાગતા ભલા અને અધર્મી માણસો ઉંઘતા ભલા કહ્યા છે. કેમકે ધર્મી માણસો તેથી ધર્મ કરી શકે અને અધર્મી હોય તે પાપથી બચી શકે.

(૫) જેથી કશું સ્વપર હિત થતું નથી, એવી નકામી અને વિરૂદ્ધ વાતો કરવાથી પાપ જ બંધાય છે, તેથી જ્યાંસુધી મન પરાઇ વાતો કરવાની ટેવ ન તજે ત્યાંસુધી તેને વિશુદ્ધ ધ્યાનમાં જ પરોવી દેવું શ્રેષ્ઠ છે. શૂરવીર, પરાક્રમી પુરૂષાર્થવંત ( જિતેન્દ્રિય ) જનોનું જ શીઘ્ર કલ્યાણ થઈ શકે છે. ઇતિશમ્.

# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## જૈન નૃપતિ ખારવેલનો શિલાલેખ.

( ગતાંક પૃષ્ટ ૩૭ થી શરૂ. )

આ લેખનું નામ, જે ગુહા ઉપર તે કોતરેલો છે તે ગુહાના નામ ઉપરથી પડેલું છે. ત્યાંની જમીન ઉપર પડેલા કેટલાક ભાંગેલા કટકા ઉપરથી એમ જણાય છે કે આ ગુહા કોઇ વખતે ભાંગેલી હશે અને ત્યારબાદ તેનો પુનરૂદ્ધાર કરી ફરી બંધાવવામાં આવી હશે. હાથીગુમ્ફા એ નામ શા કારણથી પડયું હશે તે જાણવું અશક્ય છે. કદાચ એમ હોઇ શકે કે આ ગુહાની આગળ જે ખડક આવેલો છે તેના ઉપર હાથીની આકૃતિ કોતરેલી હોય. §

§ મુંબઇની સામે આવેલા હાથીબેટનું નામ પથ્થરમાં કોતરેલી એક મોટી આકૃતિ ઉપરથી પડેલું છે. આના કટકા વિક્ટોરિઆ મ્યુઝિઅમમાં છે. P. P.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ લેખ શિલા ઉપર કોતરેલો છે. આ શિલા સપાટ નહીં હોતાં અંદર ખાડાપડતી છે. લેખ ૧૭ લીટીમાં હોઇ ૮૪ ચોરસફુટમાં છે. આ શિલા ઉપર લેખ કોતરવા માટે સપાટી સાફ કરેલી હોય તેમ લાગતું નથી પણ અક્ષરો મોટા અને ઉંડા કોતરેલા છે. સમયની અસર આના ઉપર પણ થએલી છે. પ્રથમની છ લીટીઓ સારી સ્થિતિમાં છે. અને છેલ્લી ચાર પંકિતઓ મધ્યમ અવસ્થામાં છે. આ બેની વચ્ચેની જમીન ઘણીજ ખરાબ થઈ ગઇ છે. કેટલોક ભાગ તદ્દન ઘસાઇ ગયો છે અને કેટલેક ઠેકાણે છૂટા અક્ષરો કે અક્ષરસમૂહો નજરે પડે છે. ખાસ કરીને આ લેખનો ડાબો ભાગ બહુજ જીર્ણ થઇ ગયો છે અને તે તરફના છેલ્લા અક્ષરો બિલકુલ જતા રહ્યા છે.

આ લેખની બન્ને બાજુએ બબ્બે ચિન્હો આપેલાં છે. ( જુઓ પ્લેટ ૧‡ ). એક ચિન્હ લેખની પહેલી બે લીટીઓની ડાબી બાજુએ છે; અને બીજું ચિન્હ એજ બાજુએ પાંચમી અને છઠ્ઠી લીટીની શરૂઆતમાં છે. ત્રીજું ચિન્હ લેખની જમણી બાજુએ પહેલી અને બીજી લીટીના છેડે છે, અને ચોથું ચિન્હ સત્તરમી લીટીના અંતમાં છે અને અહીં લેખની સમાપ્તિ થાય છે. પ્રથમનાં ત્રણ ચિન્હો પશ્ચિમ હિંદના ગુહાલેખો ઉપર જોવામાં આવે છે. દાખલા તરીકે પહેલું ચિન્હ જુન્નર ( Junnar ) ના બીજા લેખમાં, કાર્લે ( Karle ) ના પહેલા તથા ભાજા ( Bhaja ) ના ત્રીજા લેખમાં વપરાયલું છે.[1] કેટલીક ઉદયગિરિની ગુફાઓના દ્વારની કમાનો ઉપરનાં કોતરકામો ઉપર પણ તે કાઢેલું છે.

જુનાગઢની એક ગુહાના દ્વાર ઉપર શુભ શકુનવાળી ઘણી ચીજો કાઢેલી છે. સ્વસ્તિક, દર્પણ, કલશ, ઘડીઆળની શીશી જેવી નેતરની ખુરશી, ભદ્રાસન, બે નાનાં મત્સ્યો, ફુલની એક માળા, અને આંકડો–આ બધામાં આ ચિન્હ જોવામાં આવે છે. સાંચીના તોરણ ઉપરની ત્રીજી આકૃતિ ઉપર પણ એ આવેલું છે. તેમજ ગળાનાં ઘરેણાંમાં પણ તે ઘણીવાર જોવામાં આવે છે.

આ ચિન્હનો અર્થ શો છે તે જણાતું નથી. પણ જાણવું જોઇએ કે પહેલાંના બૌદ્ધો આ ચિન્હને સારૂં ગણુતા હતા. ત્યાર પછીના બૌદ્ધો તેમ ગણુતા હોય એમ લાગતું નથી. કારણકે ઇલુરા, અજન્ટા, નાશિક અને કાન્હેરિમાંનાં બૌદ્ધ કામો ઉપર તે જોવામાં આવતું નથી.

બીજું ચિન્હ 'સ્વસ્તિક' છે જેને વિજયદર્શક ગણુવામાં આવે છે અને

‡ આ પ્લેટો મૂળ પુસ્તકમાં આપેલી છે અત્ર આપી શકાણી નથી––સંગ્રાહક.

૧ આર્કીઑલૉજીકલ સર્વે ઑફ વેસ્ટર્ન ઇંડિઆ, સૅપરેટ પેમ્ફલેટ ૧૦, પૃ. ૨૩, ૨૮, ૪૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેનો અર્થ સંસ્કૃત લેખોમાં પ્રથમ વપરાતા ' સ્વસ્તિ ' શબ્દના જેવોજ છે. આ ચિન્હ દુનિયાના ઘણા ભાગ ઉપર વપરાય છે અને એના અર્થ વિષે વિદ્વાનોના ઘણા જુદા જુદા મતો છે.[1] તેનો ગમે તે અર્થ થતો હોય પણ એટલું તો નક્કી કે જુદા જુદા ધર્મના લોકોએ તે વાપરેલું છે તેથી એમ ધારી શકાય કે એ લોકો પોતપોતાનાં કારણોને લીધે તેને શુભ ગણે છે.

સૌથી પહેલાં આવાં ચિન્હો અશોકના જૌગડ (Jaugada) લેખ ઉપર જોવામાં આવે છે જ્યાં ત્રીજું ચિન્હ પણ જોડેલું છે. ત્યારબાદ કેટલીક પશ્ચિમ હિંદુસ્તાનની ગુહાના લેખોમાં એ દૃષ્ટિગોચર થાય છે. કેટલીક વખતે તે આરંભમાં કે, અંતમાં અગર બન્ને ઠેકાણે પણ જોવામાં આવે છે. [2] આ ચિન્હ હજુ પણ હિંદુ તેમજ જૈનોમાં શુભ ગણાય છે અને લગ્ન પ્રસંગે અગર એવા બીજા કોઇ શુભ પ્રસંગે કપડાં, વાસણ તથા ફળો ઉપર કાઢવામાં આવે છે. નાનાં બાળકોને પ્રથમ મુંડન કરાવ્યા પછી માથા ઉપર આ ચિન્હ કુંકુમથી કાઢવામાં આવે છે. લગ્ન થયા પછી પહેલા શુભ દીવસે ગુજરાત તથા કચ્છના લોકો જમીન ઉપર રાતું વર્તુલ દોરે છે અને તેમાં સ્વસ્તિક ચિન્હ કાઢે છે તેને " ધીંરી સ્વસ્તિક " કહે છે. [3] ગાયના છાણથી લીંપેલી જમીન ઉપર કુલદેવ બેસાડીને તેમની આગળ આ ચિન્હ કાઢે છે જેને " સાથીઓ " કહે છે. આ શબ્દ સંસ્કૃત ' સ્વસ્તિક ' ના પ્રાકૃત ' સત્થિઓ ' ઉપરથી થયો છે. હાલના જૈનો પણ એને ' સાથીઓ કહે છે. તેઓનો મત એવો છે કે સાતમા તીર્થંકર સુપાર્શ્વનાથનું એ લાંછન છે, તેમજ જૈનોનાં આઠ શુભ લાંછનોમાંનો પ્રથમ એ છે. ખરતરગચ્છના એક વિદ્વાન યતિ પ્રેમચંદ્રના કહેવા પ્રમાણે જૈનો તેને સિદ્ધની આકૃતિ તરીકે ગણે છે. જૈનો ધારે છે કે દરેક પ્રાણી એક જન્મમાં કરેલાં પોતાનાં માનસકર્મો પ્રમાણે બીજા જન્મમાં ચારમાંથી એક સ્થિતિને પામે છે. તે દેવ થાય છે; અગર નર્કે જાય છે; અગર ક્ષુદ્ર પ્રાણીઓમાં યા મનુષ્ય જાતિમાં જન્મ લે છે. પણ સિદ્ધને આમાનું કાંઇ પણ થતું નથી, કારણ

૧ નુમીસ્મેટીક ક્રૉનીકલ, ન્યુ સીરીઝ પુ. ૨૦, પૃ. ૧૮–૪૮; ઈંડીઅન ઍન્ટી કવેરી, પુ. ૯; પૃ. ૬૫, ૬૭, ૧૩૫; ઈંડીઅન ઍન્ટી કવેરી, પુ. ૧૦, પૃ. ૧૯૯; કનીંગહામની ભીલ્સા ટોપ્સ, ૩૫૬ નોટ.

૨ જુન્નર લેખોમાં શરૂઆતમાં ૫, ૬, ૨૦, ૩૨, ૩૪; કાર્લે લેખોમાં, ૩, અને જુન્નર લેખોમાં ૨૨, ૨૯ અને ૩૧, ૩૩; આરંભ અને અંત–કાર્લે લેખ ૨ અને જુન્નર લેખો ૨૮ ને ૩૦.

૩ આ શબ્દ ' ગોમયલિપ્તસ્વસ્તિક ' સંસ્કૃત શબ્દ ઉપરથી થએલો છે તેનો અર્થ ' જમીન ઉપર લીંપેલો સ્વસ્તિક ' થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે આ ચાર અવસ્થાનું મુખ્ય કારણ જે કર્મ છે તે તેમને લાગતા નથી અને તેથી તે મુક્તાત્મા કહેવાય છે. સ્વસ્તિકમાં આ પ્રમાણે સિદ્ધની આકૃતિ સમાએલી છે. જે મધ્યબિંદુમાંથી ચાર રસ્તા નીકળે છે તે જીવ છે અને જે ચાર રસ્તા છે તે જીંદગીની ચાર અવસ્થા છે. પણ સિદ્ધ આ ચાર અવસ્થાથી મુક્ત હોવાથી ચારે રસ્તાઓને પછીથી જે વાળેલા છે તે એમ જણાવે છે કે આ ચાર અવસ્થા તેમને માટે નથી. હું એમ નથી કહેતો કે આ એ સ્વસ્તિકનું મૂળ છે. બૌદ્ધો કે જેમનાં ધર્મતત્ત્વો જૈનોનાં જેવાંજ છે તે પણ સ્વસ્તિકનો આવો અર્થ કરતા હોય એ શક્ય છે. જો એમ હોય તો બૌદ્ધ લેખોના આરંભમાં **સિદ્ધમ્** શબ્દ વપરાય છે તેને બદલે આ સ્વસ્તિક પણ વપરાય છે. દાખલા તરીકે, ઉષવદાતના નાશિકના નં. ૧૦ ના લેખમાં આ સ્વસ્તિક **સિદ્ધમ્** શબ્દની પછી તરતજ મૂકેલો છે, આવી રીતે વપરાયાથી જૈનોના આવા અર્થને પુષ્ટિ મળે છે.

ત્રીજું ચિન્હ અશોકના જૌગડ લેખમાંના ( ) ‡ ચિન્હનાં જેવુંજ છે. એ તારસ ( Taurus ) ના ગ્રીક ચિન્હના જેવું છે. પહેલા બે ચિન્હોની માફક આ ચિન્હ લેખોના આરંભમાં તથા અંતમાં તથા કોઇક વખત શોભાને માટે જુદાજ આકારમાં જોવામાં આવે છે. બૌદ્ધ લેખો ઉપરથી એમ જણાય છે કે પહેલા બે ચિન્હો કરતાં આ ચિન્હ વિષે તેમની માન્યતા ઓછી હોય તેમ જણાતું નથી. સાંચી લેખોમાં બોધીવૃક્ષની નીચે વેદિ ઉપર તે મુકેલું છે. જો તે પૂજનીય ન હોય તો તે આવી જગ્યાએ હોઇ શકે નહિ. વળી આ ચિન્હ ઘરેણાંમાં તથા જુના બૌદ્ધ સિક્કાઓમાં પણ જોવામાં આવે છે. કાન્હેરી નજીક પદણ ટેકરી ઉપર બીજાં ચિન્હોમાં આ ચિન્હ પણ '**નન્દિપદમ્**' એવા નામ સાથે જોવામાં આવે છે;[1] જે ઉપરથી જણાય છે કે બૌદ્ધો તેને 'વૃષભ–લાંછન' કહે છે. વૈદિક ધર્મમાં વૃષભને પવિત્ર ગણેલો છે; અને જો આવોજ મત બૌદ્ધોમાં પ્રચલિત હોય તો તેમણે પણ તેને પવિત્ર ગણેલો હોવો જોઇએ.

ચોથું ચિન્હ વેદિ અગર બેઠક ઉપર મોનોગ્રામ ( Monogram ) જેવું લાગે છે ( y + t + o ? ). ઉદયગિરિની વ્યાઘ્ર ગુહામાંના એક લેખના આરંભમાં આવું ચિન્હ છે. ફેર માત્ર એટલોજ છે કે જ્યારે આમાં કાપા ડાબી બાજુએ છે ત્યારે વ્યાઘ્રગુહાના ચિન્હમાં જમણી બાજુએ છે. ઉદયગિરિની વૈકુંઠ ગુહામાં એક ચિન્હ

‡ મૂલ પુસ્તકમાં આ તથા હવે પછી આવનારી દરેક આકૃતિઓ આપેલી છે, પરંતુ અત્રે જે આપી શકાણી નથી તેના ઠેકાણે ( ) આવા કૌંસમાં જગ્યા ખાલી રાખેલી છે:— **સંગ્રાહક** ।

૧ જર્નલ બૉમ્બે બ્રૅન્ચ રૉયલ એશિયાટીક સોસાઇટી, પુ. ૧૫, પૃ. ૩૨૦.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે જેમાં અને આમાં ફેર એટલો છે કે એમાં નીચે વેદિ નથી તથા ડાબી બાજુએ બે કાપાને બદલે બન્ને બાજુએ એક એક છે. એક બૌદ્ધ સિક્કામાં પણ આ ચિન્હના જેવું એક ચિન્હ છે.[1]

જે લિપિમાં આ લેખ લખેલો છે તે લિપિ અશોકથી અર્વાચીન છે અને પશ્ચિમ હિંદના નાનાઘાટ લેખની લિપિને મળતી છે. અશોકના વખતની લિપિ અને આ લિપિમાં મુખ્ય ફેર એ છે કે જ્યારે અશોકના વખતના ક ને આડી તથા ઉભી લીટીઓ સરખી છે. (+) ત્યારે અહીંઆં આડી કરતાં ઉભી લીટી લાંબી છે (†); તે વખતનો ગ ખુણા પડતો (∧) હતો ત્યારે હાલનો કમાન જેવો (∩); તે વખતનાં ઘ ( ), પ ( ), લ ( ) અને હ ( ) ના નીચેના ભાગો ગોળાકાર હતા અને હાલમાં સપાટ છે. ( , , , ), મ ( ) અને વ ( ) ની નીચેના આકારો બરાબર ગોળ હતા ત્યારે હાલ ત્રિકોણાકારે છે ( ! ); ત નાં નીચેનાં બે પાંખડાં ખુણાવાળાં હતાં ( ) અને હાલ તે ગોળાકાર છે ( ). તે વખતે ઈકારના પાંખડાં ખુણાકારે હતાં ( ), હાલ તે પ્રમાણે નહિ હોતાં તે ઉંચાં જાય છે ( ). આ પ્રમાણે કારણો છે તે ઉપરથી આ લિપિ અશોકથી અર્વાચીન છે એમ પ્રતિપાદન થાય છે.

આ આખો લેખ ગદ્યમાં છે. તેની ભાષા પ્રાકૃત છે અને અશોકનાં લાટ લેખોથી ભિન્ન છે પણ પશ્ચિમ હિંદના ગુહા લેખોની જુની મહારાષ્ટ્રી પ્રાકૃતના જેવી છે.

આરંભમાં અર્હતો અને સિધ્ધોને નમસ્કાર કર્યો છે. અને આ ઉપરથી લેખ બનાવનારની ઉંડી ધાર્મિક શ્રદ્ધા આપણને જણાઇ આવે છે. જૈનોના મુખ્ય સૂત્રનો એ ભાગ હોય તેમ જણાય છે જેને 'નમોક્કાર' અગર 'નોકાર' કહેવામાં આવે છે અને જેનો વારંવાર તેઓ જપ કરે છે તથા જે તેમનાં સૂત્રોનાં આરંભમાં ઘણીવાર જોવામાં આવે છે.[2] તે સૂત્ર અને આ નમસ્કારમાં ફેર એ છે કે આમાં ફક્ત અર્હત 'અને' સિદ્ધનાજ-બેનાંજ નામ આવે છે, ત્યારે સૂત્રમાં 'આચાર્ય', 'ઉપાધ્યાય', અને 'સાધુ' એ ત્રણ નામો વધારે છે. લેખમાં આ નામો મૂકી દીધાં છે તેનું કારણ એ છે કે પહેલા બેની પેઠે આ ત્રણ બહુ જરૂરનાં નથી. આ લેખના નમસ્કાર-

---

૧ વીલ્સન્સ એરીઆના એન્ટીકા, પ્લેટ ૧૫, આકૃતિ ૩૨.

૨ સૂત્ર આવો છેઃ— **નમો અરિહંતાણું, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહુણં.** તેનો અર્થ:—અર્હન્તોને નમસ્કાર, સિદ્ધોને, આચાર્યોને, ઉપાધ્યાયોને અને વિશ્વના સાધુઓને નમસ્કાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની સમજુતી વિષેની પુષ્ટિમાં જાણવું જોઇએ કે ઉદયગિરિની માણેકપુર ગુહાના ત્રીજા લેખમાં એમ કહેલું છે કે એ ગુહા "કલિંગના શ્રમણો અર્હન્ત પ્રસાદાનમ્" ને માટે બનાવવામાં આવી છે. અર્હન્તો ઉપર આ પ્રમાણે ધાર્મિક શ્રદ્ધા રાખવી એ જૈનોની ખાસીયત છે. આ ગુહાઓમાં કોઇ પણ ઠેકાણે શાક્યભિક્ષુ અગર એવો બૌદ્ધ શબ્દ ખાસ કરીને વાપરેલો નથી. અપૂર્ણ.

मुनि जिनविजय.

## ચર્ચાપત્ર.

### "પાટણની પ્રભુતા" બુક માટે અમારો અભિપ્રાય.

ગુજરાતી પત્રકારે આ વર્ષમાં ભેટ આપેલ "પાટણની પ્રભુતા" નામની બુક કે જેના વિદ્વાન લેખક કોઇ ઘનસ્યામ નામના છે, લેખકની લેખનકલા સુંદર છતાં જૈન દર્શનને ઇતર દર્શનોમાં ઉતારી પાડવા માટે કે ગમે તે કારણે પોતાની વિદ્વતાનો ઉપયોગ આવું જૈન ધર્મ વિરૂદ્ધ લખાણ કરી ઉક્ત કોમની સપ્ત લાગણી દુખાવવા માટે કર્યો છે. હકીકત એ છે કે તે ગ્રંથમાં એક આનંદસૂરિ નામના એક યતિનું કલ્પિત પાત્ર યોજી તે બુકના "જતિ કે જમદુત" એવા મથાળાના પ્રકરણમાં ઉકત સુરિના હાથે "મંડલેશ્વરનો મહેલ બાળવા અને તેમને તેમના સ્ત્રી સહિત જળ સમાધિ કરાવવાનું અધમ કૃત્ય થતું બતાવેલ છે અને તે જૈન ધર્મના ગુરૂના હાથે નહીંજ પરંતુ ઈતરદર્શનના કોઈ ધર્મગુરૂઓના હાથે પણ નહીં બનવા જોગ આ પ્રસંગ છે. પરંતુ આવું અધમ નિંદ્યનીય આચરણ એક જૈન આચાર્યના હાથે સેવવાની કરાચેલી આ કલ્પના માટે જૈન પ્રજાનું અત્યંત–નહિં સહન થઈ શકે તેવું દીલ તેના લેખકે દુભાવ્યું છે.

આ સિવાય આ ગ્રંથમાં વાર્ત્તાના ઘણા પાત્રો જૈનોજ છે.અને કદાચ જૈનોની તે વખતની જાહોજલાલી, રાજ્યકુશળતા, બુદ્ધિબળ અને સર્વોતમ પ્રભાવિકપણું આ લેખકને કદાચ અણુગમતું થયું હોય તેને લઈને કે ગમે તે કારણે તેમાં આવેલા તે બીજા જૈન પાત્રોને પણ ગર્ભિત રીતે થોડા ઘણા અંશે હલકા પાડવાની પણ કલ્પના કરી છે. એકંદર રીતે જૈન ધર્મને હલકો પાડવાની દૃષ્ટિએ આવું લખાણ કર્યું હોય તેમ અમોને લાગે છે. આ ગ્રંથ લખવા પહેલાં તેના લેખક મહાશયે જૈન ઇતિહાસનું અવલોકન કર્યું હોત કે તે સંબંધમાં તપાસ કરી હોત તો તેમને આવું જૈન દર્શન વિરૂદ્ધ અણુછાજતું, લાગણી દુખાવનારૂં લખાણુ લખવાનો પ્રસંગ આવત નહીં. ખેર! હવે આ બુકના સંબંધમાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ અને શ્રી જૈન એસોશીએશન ઓફ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇંડીયાના સુકાનીઓનું અમો લક્ષ ખેંચીયે છીયે કે તેઓશ્રીએ આ બુકના લેખક પાસે રીતસર ખુલાસાથી જવાબ માંગી તેવું અયોગ્ય લખાણ પાછું ખેંચાવી લેવા માટે યોગ્ય પ્રયત્ન કરવો એવો અમારો અભિપ્રાય છે.

# વર્તમાન સમાચાર.

## જૂનાગઢ શહેરમાં એક સાથે બે સંસ્થાનો જન્મ.

પ્રસિદ્ધ વકતા અને કેળવણીના મહાન ઉપાસક વિદ્વદ્વર્ય **મુનિરાજશ્રી વલ્લભવિજયજી** મહારાજ હાલમાં ઉકત શહેરમાં ચાતુર્માસ રહેલા છે. આ કાળમાં જૈનસમાજનું હિત શેમાં રહેલું છે તે જેમણે અવલોકયું છે એવા ઉકત તે મહાત્માના થોડા વખત પહેલાં પોતાના ઉપદેશથી ત્યાંની વીશાશ્રી બોર્ડીંગનો જન્મ શેઠ દેવકરણભાઈ મુળજીની ઉદાર સખાવતથી થયો હતો, ત્યારબાદ હાલમાં ઉકત મહાત્માના ઉપદેશથી જેની તે શહેરમાં જૈનો અને જૈનેતર માટે ખાસ જરૂર હતી તેવી એક લાઇબ્રેરી જેનું નામ **શ્રીઆત્માનંદ જૈન લાઇબ્રેરી** રાખવામાં આવેલું છે, તેનો જન્મ પણ આપવામાં આવેલો છે. સાથે મરહુમ ડાકતર ત્રીભુવનદાશ મોતીચંદના સ્વર્ગવાસી પુત્ર જગજીવનદાસના સ્મરણાર્થે તેમના બંધુઓ શેઠ પ્રભુદાસ તથા છોટાલાલ ત્રિભુવનદાસે રૂા. ૧૦૦૦૦) દશ હજારની એક મોટી રકમ કાઢી તેના વ્યાજમાંથી એક **જૈન સ્ત્રીશિક્ષણશાળાનો** પણ જન્મ આપવામાં આવ્યો છે. આ બંને કાર્યો ઉકત મહાત્માના ઉપદેશામૃતથી તેઓશ્રીના મુબારક હસ્તે આશો શુદ શનીવાર તા. ૨૫–૯–૧૯૧૬ ના રોજ ત્યાંના શ્રીજૈન સંઘ અને અધિકારી મંડળના દબદબા ભરેલા મેળાવડા વચ્ચે ખુલ્લા મુકવામાં આવેલ છે.

જૈન સ્ત્રીશિક્ષણશાળાની પ્રગતિ માટે હજી વધારે સારી રકમની જરૂર છે. ઉકત પ્રસંગે ઉકત મહાત્માએ વિદ્વતા ભરેલું ભાષણ આપી તે બંને ખાતાની ઉપયોગિતા ખરેખરી રીતે જણાવી હતી. આવા પરમ પવિત્ર તીર્થ જેવા મોટા શહેરમાં બંને જૈન ખાતાની જે જરૂરીયાત હતી તે આવા મહાત્માના પગલાથી અને ઉપદેશથી પાર પડેલ છે. અમો બંને સંસ્થાનો અભ્યુદય ઇચ્છીયે છીયે. અને ત્યાંના સંઘના અગ્રેસરોને નમ્ર સુચના કરીયે છીયે કે તે બંને ખાતા નિભાવવા તથા તેની પ્રગતિ કરવા સદા તૈયાર રહેશે અને જૈનસમાજને તેનો લાભ ઉત્તરોત્તર આપશે.

## શ્રી મુંબઇ પાલીતાણા જૈન સમાજ.

ઉપરોક્ત સભા તરફથી ખોલવામાં આવેલા કેળવણી ફંડમાંથી ગરીબ જૈન વિદ્યાર્થીઓને પુસ્તકો તથા સ્કુલ ફી વિગેરેની જોઇતી મદદ તે સભાના સેક્રેટરી શાહ દીપચંદ કસળચંદ મુંબઇ ગુલાલવાડી પોસ્ટ નં. ૪ ને લખવાથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી શ્રાદ્ધગુણ વિવરણ. (ભાષાંતર)

શ્રાવકના વિશેષ ધર્મના કારણરૂપ અને ઉચ્ચ ગૃહસ્થ ધર્મ (શ્રાવકના સામાન્ય ધર્મ)નું શુદ્ધ સ્વરૂપ બતાવનારો, મોક્ષમહેલના પ્રથમ સોપાનરૂપ, જયશ્રીની સિદ્ધિને આપનાર આ અપૂર્વ ગ્રંથ છે. જેથી આવો શ્રાવકોપયોગી કોઇપણ ગ્રંથ અત્યારસુધીમાં પ્રગટ થયો નથી. સરલ, સુબોધક વિવેચન અને અનેક કથાઓસહિત, શ્રીમદ્ જિનમંડનગણી મહારાજની કૃતિની આ એક સુંદર અને અત્યુત્તમ રચના છે, જેનું સરળ અને શુદ્ધ ભાષાંતર પ્રવર્તકજી મહારાજશ્રી કાંતિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ **શ્રી ચતુરવિજયજી** મહારાજે કરેલ છે. જૈન તરીકે દાવો ધરાવનાર કે શ્રાવક ધર્મના ઇચ્છક કોઇપણ વ્યક્તિના ઘરમાં આ ગ્રંથ કે જે શ્રાવક ધર્મની ઉચ્ચ શૈલીને જણાવનારો છે તે અવશ્ય હોવોજ જોઇએ. તે ખરેખર ઉપયોગી જોઇ ગ્રંથ છપાતાના દરમ્યાન ઉપાધ્યાયજી શ્રીમદ્ વીરવિજયજી મહારાજના પ્રશિષ્ય મુનિરાજ શ્રી **પ્રેમવિજયજીના નેક અભિપ્રાયથી અત્રેની જૈન બોર્ડીંગ તેમજ જૈન નાઈટ કલાસના વિદ્યાર્થીઓને** ધાર્મિક અભ્યાસની શરૂઆત તરીકે આ ગ્રંથ ચલાવવાની ખાસ યોજના થયેલ છે તેજ તેની ઉપયોગીતા પૂરતો પુરાવો છે. તે બાબતમાં વધારે કાંઇપણ ન લખતાં તે સાદ્યંત ખાસ વાંચી જવાની ભલામણ કરીએ છીએ.

ઉંચા ગ્લેજ કાગળો ઉપર, ચાર જુદી જુદી જાતના સુંદર ટાઇપોથી છપાવી સુંદ બાઇડીંગથી તેને અલંકૃત કરવામાં આવેલ છે. રોયલ આઠપેજી પાંત્રીશ ફારમનો સુમારે ૩૦૦ પાનાનો દલદાર ગ્રંથ. કિંમત માત્ર રૂા. ૧–૮–૦ રાખી છે પોસ્ટેજ જૂદું. ઘણી નકલોના અગાઉથી ગ્રાહકો થયા છે.

લખો—**શ્રી જૈન આત્માનંદ સભા. ભાવનગર.**

---

## સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું-છપાતા ઉપયોગી ગ્રંથો.

### માગધી—સંસ્કૃત મૂળ અવચૂરિ ટીકાના ગ્રંથો.

૧ "સત્તરીય ઠાણ સટીક" શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૨ "સિદ્ધ પ્રાભૃત સટીક" પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે. હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી.
૩ "રત્નશેખરી કથા" શા. હીરાચંદ ગહેલચંદની દીકરી બેન પશીબાઈ પાટણવાળા ત.
૪ "દાનપ્રદીપ" શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળા ત.
૫ "શ્રી મહાવીર ચરિત્ર" શ્રી નેમિચંદ્રસૂરિ કૃત. શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે.
૬ "સંબોધ સિત્તરી સટીક" શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી.
૭ "ષટ્સ્થાનક પ્ર–સટીક" શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાતબાઈ માંગરોળવાળા તરફથી.
૮ "બંધહેતૂદય ત્રિભંગી સટીક" શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી.
૯ "સુમુખાદિમિત્ર ચતૂષ્ક કથા" શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૧૦ "ચૈત્યવંદન મહાભાષ્ય" શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તરફથી.
૧૧ "પ્રતિક્રમણ ગર્ભ હેતુ" શા. મનસુખભાઇ લલ્લુભાઇ પેથાપુરવાળા તરફથી.
૧૨ "સંસ્તારક પ્રકીર્ણ સટીક" શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી.
૧૩ "શ્રાવકધર્મ વિધિ પ્રકરણ સટીક" શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી.
૧૪ "પ્રાચીન ચાર કર્મગ્રંથ ટીકા સાથે" શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી.
૧૫ "ધર્મપરિક્ષા શ્રીજિનમંડનગણી કૃત" બે શ્રાવિકાઓ તરફથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૬ " સમાચારી સટીક શ્રીમદ્ ય- શા. લલુભાઈ ખુબચંદની વિધવા બાઇ મેનાબાઇ પાટણ-
શોવિજયજી ઉપાધ્યાયજી કૃત " વાળા તરફથી.
૧૭ " પંચનિગ્રંથી સાવચૂરિ " ૧૮ " પર્યંત આરાધના સાવચૂરિ "
૧૯ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ " ૨૦ " બંધોદયસત્તા પ્રકરણ સાવચૂરિ "
૨૧ " પંચસંગ્રહ " શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.
૨૨ " શ્રાદ્ધવિધિ " શેઠ જીવણભાઇ જેચંદ ગોઘાવાળા ,,
૨૩ " ષડ્દર્શન સમુચ્ચય " ,, ,,
૨૪ " ઉત્તરાધ્યયન સૂત્ર શ્રીમદ્ ભાવવિજયજીગણી કૃત ટીકા. } બાબુ સાહેબ ચુનીલાલજી પન્નાલાલજી મુંબઇવાળા તરફથી.
૨૫ " બૃહત્ સંઘયણી શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણકૃત " એક સભા તરફથી.
૨૬ " કુમારપાળ મહાકાવ્ય " શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઈ ચંદન પાટણ ત૦
૨૭ " કુવલયમાલા " (સંસ્કૃત) આ સભા તરફથી.
૨૮ શ્રી વિજયચંદ કેવળી ચરિત્ર (મૂળ) પાટણ નિવાસી બેન રૂક્ષમણિ તરફથી.

---

## હાલમાં નવા ગ્રંથોની થયેલી યોજના.

( જેની છપાવવાની શરૂઆત થઇ ચુકી છે. )

**२९ प्राचिन जैन लेख संग्रह.** (વિસ્તારયુક્ત ટિપ્પણી અને ઉપોદ્ઘાત સાથે.)
**३० विज्ञप्ति संग्रह.**
**३१ विजयदेव महात्म्य.** (બે ભાગમાં ભાષાંતર વિગેરે ઉપયોગી માહેતી સાથે)
**३२ कृपारस कोष.** **३३ करुणावज्रायुध नाटक.**
**३४ जैन ग्रंथ प्रशस्ति संग्रह.** ( જૈન ઇતિહાસનાં અંગભૂત સાધનો. )
**३५ जैन ऐतिहासिक रास संग्रह. ३६ प्राचीन पांचमो कर्मग्रंथ. बाइ मणीबाइ जामनगरवाळा तरफथी.**
**३७ शत्रुंजयोद्धार पं० विवेकधीरकृत ॥**
**३८ लिंगानुशासन–स्वोपज्ञ टीका. ३९ धातुपारायण.**

---

## નીચેના ગ્રંથોની યોજના કરવામાં આવે છે.

**४० श्री गणधर सार्धशतक लघु टीका.**
**४१ श्री नयोपदेश.** ( શ્રીમદ્ યશોવિજયજી કૃત ન્યાયનો અપૂર્વ ગ્રંથ. )
**४२ कल्पसूत्र कीरणावली.** ( શ્રીમદ્ ધર્મસાગરજી ઉપાધ્યાયજી કૃત. )

### " ભાષાંતરના ગ્રંથો. "

( નવા )

૪૩ શ્રી સમ્યક્ત્વ કૌમુદિ ( ભાષાંતર ) વિવિધ કથાઓ સહિત, શ્રી પાછીયાપરવાળા શાહ રણછોડદાસ ભાઇચંદ તરફથી.
૪૪ નિગોદછત્રીશિ. ૪૫ પુદ્ગલછત્રીશિ ૪૬ પરમાણું ખંડ છત્રીશિ
૪૭ અધ્યાત્મ મત પરિક્ષા.

---

For Private And Personal Use Only